Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैनधर्मप्रकाश.

भो भव्याः प्रविशतान्तरङ्गराज्ये प्रथममेव प्रष्टव्या गुरवः । सम्यगनुष्ठेयस्तदुपदेशः । विधेया हिताग्निनेवाग्नेस्तदुपचर्या । कर्त्तव्यं धर्मशास्त्रपारगमनं । विमर्शनीयस्तात्पर्येण तद्भावार्थः । जनयितव्यस्तेन चेतसोऽवष्टम्भः । अनुशीलनीया धर्मशास्त्रे यथोक्ताः क्रियाः । पर्युपासनीयाः सन्तः । परिवर्जनीयाः सततमसन्तः । रक्षणीयाः स्वरूपोपमया सर्वजन्तवः । भाषितव्यं सत्यं सर्वभूतहितमपरुषमनतिकाले परीक्ष्य वचनं । न ग्राह्यमणीयोऽपि परधनमदत्तं । विधेयं सर्वासामस्मरणमसंकल्पमप्रार्थनमनिरीक्षणमनभिभाषणं च स्त्रीणां । कर्तव्यो बहिरङ्गान्तरङ्गसङ्गत्यागः । विधातव्योऽनवरतं पञ्चविधः स्वाध्यायः ।

उपमितिभवप्रपंच.

પુસ્તક ૨૫ મું. ભાદ્રપદ સં. ૧૯૮૫. શાકે ૧૮૩૧. અંક ૬ ઠ્ઠો.

ॐ अर्हं नमस्तत्त्वाय.

## " प्रार्थना " " क्षमापना "

### હરિગીતવૃત્ત

શ્રી વર્દ્ધમાન પ્રભુ ભવાબ્ધિ તરણ તારણ જિનવરા,
વંદું વિનયથી પર્વવાર્ષિક દિન સકલ મંગલકરા;
અરિમિત્રસમચિત્તથી ગણી સમભાવથી શિવપદ વર્યા,
જયજય જગતપતિ **પતિત પાવન ભક્ત વત્સલ** ગુણ ભર્યા. ૧
જે માર્ગ ક્રમથી આદરી અંતે લહ્યું સુખ શાસ્વતું,
તે માર્ગ એકજ ઇષ્ટ અમ ચિત્તે વસી ઉર ઉલ્લસતું;
કરશો કૃપા કરૂણાનિધિ ઉપકાર આપતણો ઘણો,
સર્વજ્ઞ અરજી સ્વીકારી સેવકભાવ દ્યો ગણી આપણો. ૨
સાચા દિલે સુસ્વભાવનો શુદ્ધાનુભવ પ્રભુ આપશો,
રાગાદિ ભાવકુકર્મ ગ્રંથી સદ્ય તેને કાપશો;
સમભાવ પ્રભુ આજ્ઞા થકી અવિરૂદ્ધ અહનિશ ઉર ભરો,
અવિકારી જગ જયકારી જિનવર નિરંતર મન ઘર કરો. ૩

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે સર્વ જીવો મિત્ર મુજ આત્મા સમાન સદા ગણું,
(તેરાના) સંબંધમાં અજ્ઞાનથી માઠું કર્યું બોહું ઘણું;
તે ત્રિવિધ ત્રિવિધે હાથ જોડી માન મોડી યાચતો,
મિચ્છામિ દુક્કડ હો દયાશય ભાવ નિજ ગુણ વાચતો. ૪

શ્રી કપુરવિજયજી જૈન લાઇબ્રેરી.
માણસા—મહીકાંઠા.

---

# सामान्योपदेश.

## સોરઠા

રે આત્મા અવલોક, અંતર લાવિ વિવેકને;
કુલીશમાં નહીં ફોક, સ્વોત્કર્ષાદિકથી કદી. ૧
પુન્ય પાપથી સર્વ, શુભાશુભ સૌ સમજીને;
ત્યજ તું મિથ્યા ગર્વ, રાગાદિકથી પરિણમી. ૨
તું પોતે કરનાર, સુખ દુઃખમય સંસારને;
તું પોતે તરનાર, આ સંસાર સમુદ્રથી. ૩
શત્રુ મિત્ર પણ તું જ, તારો કોઇ બીજો નથી;
મિથ્યા માને હું જ, સુખ દુઃખ દાતા અન્યને. ૪
ઉંડો કરી આલોચ, જોતાં કંઇ દીસે નહીં;
વૃથા હર્ષ ને શોચ, કરીને કર્મનું બાંધવું. ૫
દીસે માયા જાળ, વિચિત્રતા પુદ્ગળ તણી;
અરે આળ પંપાળ, સાચી માની ભૂલ્યો બધું. ૬
ચેત હવે તો ચેત, ઉંઘ્યો કાળ અનાદિથી;
સજ સારો સંકેત, વિધિ સેવી થા નિજરૂપે. ૭
જૂઠું જૂઠા રૂપ, જાણી મુંઝા ન મન વિષે;
સાચું શુદ્ધ અનૂપ, તત્ત્વ દૃષ્ટિ જો ગુરૂ થકી. ૮
સદ્ગુરૂ કૃપા નિધાન, જ્ઞાન રત્નનિધિ નિઃસ્પૃહી;
લેશ નહીં અભિમાન, તત્ત્વ માર્ગ સાધક સદા. ૯
વંદું વિનય સહીત, બહુમાનાદિક સાચવી;
યાચું સન્ચિત્ચિત્ત, આત્માનન્દ વધે સદા. ૧૦
અયોગ્ય છું હે નાથ, સુગુરૂ કૃપા મુજપર કરો;
ઝાલી મારો હાથ, આપો આસંદ યોગ્યતા. ૧૧

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સુગુરૂ વિના ન સમર્થ, લેવા તત્ત્વ હું એકલો;
ટાળે સર્વ અનર્થ, પરમ ગુરૂ વર પ્રેમ તે. ૧૨
છે પુરો વિશ્વાસ, સમ્યગ રત્ન ત્રયી ભર્યો;
જૈન સેવક નિજ દાસ, જાણી આશ સફળ કરો. ૧૩

**શ્રી કપુરવિજયજી જૈન લાઇબ્રેરી.**

**માણસા—મહીકાંઠા**

# श्री ज्ञानसार सूत्र स्पष्टीकरण.

જૈન તત્વજ્ઞાન (Jain Philosophy)

## ज्ञान—अष्टक. [ ५ ]

જ્ઞાન એ આત્માના અનંત ગુણ માંહેનો એક એવો અસાધારણ ગુણ છે કે જેના વડે પોતાનું અને પરનું યાવત્ સ્વર્ગ મૃત્યુ અને પાતાળનું સર્વ સ્વરૂપ યથાર્થ રીતે જાણી શકાય છે. વસ્તુસ્વરૂપ યથાર્થ જાણવાથીજ તેના ગુણ યા દોષ સંબંધી સારી રીતે ભાન થતાં મનમાં તેની દૃઢ પ્રતીતિ થાય છે. તાત્પર્ય કે સમ્યગ્જ્ઞાન વિના દૃઢ શ્રદ્ધા—આસ્થા આવતીજ નથી, અને સુશ્રદ્ધા વિના સદ્વર્તન—કહો કે શુદ્ધ ચારિત્રનું સમ્યગ્ રીત્યા સેવન થઈ શકતું નથી. શુદ્ધ ચારિત્રની સેવા મોહના ક્ષય કિંવા ઉપશમથી સંભવે છે, અને તે મોહનો ક્ષયોપશમ સમ્યગ્જ્ઞાન તથા સમ્યગ્ શ્રદ્ધાનથી થાય છે. સમ્યગ્ શ્રદ્ધાન પણ શુદ્ધ જ્ઞાની ગુરૂની પાસે યથાવિધિ શાસ્ત્રનું શ્રવણ અને મનન કરતાં પ્રાપ્ત થાય છે. માટે આત્માની ઉન્નતિ કરવાને હરકોઈ રીતે જ્ઞાનની મુખ્યપણે આવશ્યકતા છે. જ્ઞાન દીપકની પેરે સ્વપર પ્રકાશક છે. જ્ઞાન એ દિવ્ય ચક્ષુ છે. મોક્ષમાર્ગમાં નિરાબાધ પ્રવૃત્તિ કરવાને જ્ઞાન એ એક ઉત્તમ ભોમિયો છે, જ્ઞાન વિનાની સકળ ક્રિયા—કરણી અંધ કહી છે. શ્રીમાન્ પદ્મવિજયજી મહારાજે નવપદની પૂજામાં જ્ઞાનપદના આવી રીતે ગુણ ગાયા છે—

દુહો.

નાણ સ્વભાવ જે જીવનો, સ્વપર પ્રકાશક જેહ;
તેહ નાણ દીપક સમુ, પ્રણમો ધર્મ સનેહ.

ઢાળ.

નાણ પદ આરાધન કરોરે, જેમ લહો નિર્મળ નાણરે ભવિકજન;
શ્રદ્ધા પણ થિર તો રહેરે, જો નવ તત્ત્વ વિજ્ઞાણરે ભવિક૦ ના૦ ૧
અજ્ઞાની કરશે કિશુંરે, શું લહેશે પુણ્ય પાપરે ભવિકજન;
પુણ્ય પાપ નાણી લહેરે, કરે નિજ નિર્મળ આપરે ભવિક૦ ના૦ ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રથમ જ્ઞાન પછી દયારે, દશવૈકાલિક વાણીરે ભવિકજન;
ભેદ એકાવન તેહુનારે, સમજો ચતુર સુજાણરે ભવિક૦ ના૦ ૩

## દુહો.

બહુ ક્રોડો વરસે ખપે, કર્મ અજ્ઞાને જેહ;
જ્ઞાની શ્વાસોશ્વાસમાં, કર્મ ખપાવે તેહ.

## ઢાળ.

નાણુ નમો પદ સાતમે, જેથી જાણે દ્રવ્ય ને ભાવ મેરે લાલ;
જાણે જ્ઞાન ક્રિયા વળી, તિમ ચેતન ને જડભાવ મેરે લાલ નાણુ૦ ૧
નરગ સરગ જાણે વળી, જાણે વળી મોક્ષ સંસાર મેરે લાલ;
હેય જ્ઞેય ઉપાદેય લહે, નિશ્ચય ને વ્યવહાર મેરે લાલ નાણુ૦ ૨
નામ ઠવણુ દ્રવ્ય ભાવ જે, વળી સગનય ને સપ્તભંગ મેરે લાલ;
જિન મુખ પદ્મ દ્રહ થકી, લહો જ્ઞાન પ્રવાહ સુગંગ મેરે લાલ નાણુ૦ ૩

પરમાર્થ એવો છે કે આત્માના સર્વ ગુણમાં જ્ઞાનગુણ પ્રધાન છે. તેના મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યાય અને કેવળ એ પાંચ મુખ્ય ભેદ છે. તેના ઉત્તર ભેદ સર્વ મળીને ૫૧ થાય છે. **દશવૈકાલિક** સૂત્રમાં પહેલું જ્ઞાન અને પછી દયા કહી છે, અર્થાત્ જ્ઞાનવડેજ તેની સાર્થકતા છે. પ્રથમ દયાનું સ્વરૂપ જાણ્યા વિના તેનું યથાવિધિ આરાધન થવુંજ મુશ્કેલ છે.તેથીજ અજ્ઞાની જીવની સઘળી ક્રિયા આંધળી કહી છે. '**ક્રિયા કરત હે ધરત હે મમતા,યાહિ ગલેમેં ફાંસી**' આ વાકય તેવા મૂઢમતિ અજ્ઞાની જીવનેજ લાગુ પડે છે. સમ્યગ્જ્ઞાનવડેજ જીવાજીવાદિ તત્ત્વનો યથાર્થ બોધ થઈ શકે છે. તત્ત્વસ્વરૂપને યથાર્થ જાણવાથી જ્ઞાની પુરૂષ આદરવા યોગ્ય વસ્તુને આદરી શકે છે અને તજવા યોગ્ય વસ્તુને તજી શકે છે. અજ્ઞાની જીવને તેવી ગતાગમજ નહીં હોવાથી તે કેવળ કલ્પિત સુખમાંજ મુંઝાઇ રહે છે. જ્ઞાની પુરૂષ દ્રવ્ય અને ભાવ વિષ શું છે તે સારી રીતે જાણી તેનો યથાવસર **પરિહાર** કરી શકે છે, ત્યારે અજ્ઞાની જીવ વિવેકશૂન્યતાથી તેને **સમજી** કે **તજી** શકતો નથી. દ્રવ્યવિષથી કદાચ એક ભવમાંજ દુઃખ થાય છે ત્યારે **ભાવવિષથી** તો ભવોભવ ભટકવું પડે છે.વિષય કષાયાદિને ભાવવિષ સમજીને જ્ઞાની પુરૂષો ભવભીરૂતાથી તેનો સંકલ્પ પૂર્વક પરિહાર કરે છે. ભાવવિષ ખાવા કરતાં દ્રવ્યવિષ ખાવું તેઓ ખુશીથી કબૂલ કરે છે. દેહાદિક જડ પદાર્થો ઉપરનો મમતા ભાવ તજીને પવિત્ર ચારિત્ર સેવવા જ્ઞાની પુરૂષો સાવધાન થાય છે અને તેમ કરી પોતાનું અને પ્રસંગે પરનું પણ કલ્યાણ કરી શકે છે. દુનિયામાં જેટલા જેટલા જ્ઞેય પદાર્થો છે તે સર્વે જ્ઞાનના પ્રભાવે પ્રત્યક્ષ પ્રમાણથી જાણવા દેખવા જ્ઞાની સમર્થ થાય છે. આવું તત્ત્વ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન સર્વ પ્રકારે આદરવા યોગ્ય છે. મધ્યસ્થતા પૂર્વક નય ગમ ભંગ અને નિક્ષેપા યુક્ત સર્વજ્ઞભાષિત સ્યાદ્વાદવાળું વચન સર્વથા પ્રમાણ કરવા યોગ્ય છે. સર્વથા રાગ દ્વેષ અને મોહથી રહિત એવું સર્વજ્ઞ અને સર્વદર્શી ભગવાનનું વચન કદાપિ પણ બાધિત હોઇ શકતુંજ નથી. સર્વજ્ઞભાષિત વચનને રૂચિ પૂર્વક શ્રવણ–મનન કરનાર પ્રાણી સમ્યગ્ જ્ઞાનને પ્રાપ્ત કરે છે. આપ્ત પુરૂષનાંવચનનો–તેના શુદ્ધ આશયનો અવબોધ થવો તેનેજ સમ્યગ્જ્ઞાન અથવા તત્ત્વજ્ઞાન કહ્યું છે. આવાં નિર્મળ જ્ઞાનની અપેક્ષા દરેક મોક્ષાર્થી જનને અવશ્ય રહે છે. તાત્પર્ય કે આવા તત્ત્વજ્ઞાન, તત્ત્વદર્શન અને તત્ત્વ આચરણ વિના કોઈની કદાપિ મુક્તિ થતી નથી. માટેજ શાસ્ત્રકાર આવા ઉત્તમ જ્ઞાનનો સમ્યગ્ આદર કરવાને અને તેથી વિપરીત જ્ઞાન–કહો કે અજ્ઞાનનો ત્યાગ કરવા ભવ્ય પ્રાણીઓને આગ્રહ કરે છે; છતાં કોઇ વિરલા ભવ્ય જીવોજ તેનો આદર કરી શકે છે અને બીજા તો કેવળ અજ્ઞાનનોજ આદર કરે છે. તે શાસ્ત્રકાર દૃષ્ટાંત દઈને બતાવે છે—

मज्जत्यज्ञः किलाऽज्ञाने, विष्टायामिव शूकरः ॥
ज्ञानी निमज्जति ज्ञाने, मराल इव मानसे ॥ १ ॥

**ભાવાર્થ**—જેમ ભૂંડ વિષ્ટામાંજ મગ્ન રહેછે તેમ મૂઢ–અજ્ઞાની પ્રાણી અજ્ઞાનમાંજ મગ્ન રહેછે, અને જેમ હંસ પક્ષી માનસ સરોવરમાં મગ્ન રહે છે તેમ મોક્ષાર્થી–જ્ઞાની પુરૂષ તો કેવળ જ્ઞાનમાંજ રહેછે.જ્ઞાની પુરૂષને જ્ઞાન વિના બીજી લુખી વાતોમાં રતિ પડતીજ નથી. સમ્યગ્ જ્ઞાનજ તેને પ્રિય લાગે છે. તેથીજ જ્ઞાની પુરૂષ પ્રતિદિન અભિનવ જ્ઞાન પ્રાપ્ત કરવા ઉદ્યમ કર્યા કરે છે. મોહવશ અજ્ઞાની જીવ તેથી ઉલટા વર્તે છે.

**વિવરણ**—ભુંડની પાસે ભાતભાતની રસવતી મૂકશો તોપણ તે તેનો અનાદર કરીને વિષ્ટાની ખાડમાં જઇ તેમાંજ મગ્ન થઇ રહેશે,તેમ મૂઢમતિ અજ્ઞાનીને અનેક યુકિત પ્રયુક્તિથી વિધવિધ ફાયદા બતાવી શાસ્ત્રાભ્યાસ કરવા તમે આગ્રહ કરશો તો તે સર્વનો અનાદર કરીને પોતાને પ્રિય એવા અજ્ઞાનની જ પુષ્ટિ કરવા પ્રયત્ન કરશેઃ અર્થાત્ મોહવશ અજ્ઞાનીને અજ્ઞાનજ પ્રિય લાગશે. તેથી જ્ઞાનાભ્યાસ કરાવવા તેનેમાટે કરેલો તમારો પ્રયાસ નિષ્ફળ પ્રાયજ થશે. તેટલોજ અથવા તેથી ઓછો પ્રયત્ન જો તમે જ્ઞાન રૂચિવંત એવા જિજ્ઞાસુ જનોને માટે કરશો તો તે સહેજે સફળ થઇ શકશે. કેમકે જેમ રાજહંસ પક્ષીને સ્વાભાવિક રીતેજ ગંદા--અશુચિ સ્થાન પસંદ પડતા નથી, તેથી તે માનસ સરોવર જેવા ઉત્તમ સ્થાનનેજ પસંદ કરી તેમાંજ મગ્ન રહેછે, તેમ જ્ઞાનરૂચિ જીજ્ઞાસુ જનોને પણ સ્વાભાવિક રીતેજ અ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જ્ઞાન અથવા અજ્ઞાનીની સોબત અપ્રિય હોવાથી તે તેનો પોતેજ ત્યાગ કરી જ્યાં જ્ઞાન અથવા જ્ઞાનીની ગોષ્ઠીનો અપૂર્વ લાભ મળી શકતો હોય ત્યાં રહેવું પસંદ કરે છે. પોતાને ઇષ્ટ એવા અભિનવ જ્ઞાનની પ્રાપ્તિવાળું સ્થાનજ તેને પ્રિય લાગે છે. તેવાં રમણિક સ્થાનમાંજ જ્ઞાનરૂચિને વિશેષે રતિ જાગે છે. તેથી તેવા સ્થાનને પોતે પ્રીતિથી સેવી બનતા પ્રયત્નથી અભિનવ જ્ઞાનનો લાભ સંપાદન કરે છે. તેવા યોગ્ય સ્થળમાં રહી પ્રમાદરહિત સમ્યગ્ જ્ઞાન, સમ્યગ્ દર્શન અને સમ્યક્ ચારિત્રનો યથાયોગ્ય ખપ કર્યા કરેછે. આવા વિવેકી હંસથી પોતાનો અને પરનો પણ ઉપકાર થઇ શકેછે; અને તેઓ વિતરાગ પ્રભુના પવિત્ર વચનને યથાર્થ રીતે અનુસરનાર હોવાથી અંતે રાગદ્વેષ અને મોહાદિ દોષોનું ઉન્મૂલન કરવાને સમર્થ થઇ શકેછે. એવી સ્વાભાવિક શકિત પ્રગટ કરવાથીજ તેઓ જગજયવંતા જૈન નામને સાર્થક કરે છે. રાગ દ્વેષાદિક વૈરીનો પરાભવ કરવાની કંઇપણ શકિત વિનાના નિઃસત્ત્વ જનો તો કેવળ નામનાજ 'જૈન' છે. 'જૈન' એવા ગુણ વિનાના ઉપનામ માત્રથી કોઇનું કંઇ પણ કલ્યાણ થતું નથી. 'જૈન' નામને સાર્થક કરવાને રાગદ્વેષાદિક સકળ દોષનો સર્વથા જય કરનાર શ્રી જિનેશ્વર પ્રભુના પવિત્ર વચનને–તેના શુદ્ધ આશયને અનુસરી પોતાના રાગ દ્વેષાદિક દોષોને દૂર કરવા બનતો યત્ન કરવો જોઇએ. 'જૈન' નામ ધારણ કરીને ઉલટા પોતાના રાગાદિ દોષોનું પોષણ કરી પ્રભુનાં પવિત્ર વચનોનો, તેમના પવિત્ર આશયનો મોહવશ થઇ અનાદર કરીએ તો આપણે આપણા પવિત્ર 'જૈન' નામને કલંકિતજ કરીએ છીએ. દરેકે દરેક મોક્ષાભિલાષી 'જૈને' શ્રી જિનેશ્વર ભગવાને પ્રરૂપેલા અને ગણધર આચાર્યાદિકે ઉપદિશેલા માર્ગને અનુસરીનેજ ચાલવું જોઇએ. તેમાંજ દ્રઢ શ્રદ્ધા રાખી પોતાનું ખરૂં હિત સમાયેલું સમજવું જોઇએ. દરેકે દરેક મોક્ષાર્થી સાધુ સાધ્વી શ્રાવક કે શ્રાવિકાએ સદ્ગુરૂ સમીપે વિનય બહુમાન પૂર્વક સર્વજ્ઞકથિત શાસ્ત્રનું યથાવિધિ પ્રમાદરહિત શ્રવણ મનન કરી, સ્વકર્તવ્યને સારી રીતે સમજી, તે પ્રમાણે વર્તનમાં મૂકવાને ઉદ્યમ કરવો જોઇએ. શાસનના નેતા પુરૂષોએ દ્રવ્ય ક્ષેત્ર કાળ અને ભાવને યથાર્થ અનુસરીને ચાલવા રૂપ અર્હન્નીતિનું કોઇ પણ ઉલ્લંઘન ન કરે એવો સમયાનુકૂળ આચાર–વિચાર જાહેર રીતે જણાવવો જોઇએ. તેઓએ 'જૈન શાસન' રૂપ નાવ બહુજ ડહાપણ અને દુરંદેશીથી ચલાવવું જોઇએ, તેમજ તેમના અનુયાયી જનોએ પણ પોતાના અને શાસનના અભ્યુદયને માટે સ્વ સ્વકર્તવ્ય કર્મમાં સાવધાન થઇ વર્તવું જોઇએ. જૈનશાસનમાં સત્ય જ્ઞાન, તત્ત્વ જ્ઞાન, યા નિશ્ચિત કલ્યાણકારી જ્ઞાન કોને કહેવામાં આવે છે? તેનું સમાધાન શાસ્ત્રકાર હવે આપે છે—

निर्वाणपदमप्येकं, ज्ञाप्यते यन्मुहुर्मुहुः ।
तदेव ज्ञानमुत्कृष्टं, निर्बंधो नास्ति भूयसा ॥ २ ॥

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**ભાવાર્થ**—જેનાથી આત્મા રાગદ્વેષ અને મોહાદિકથી મુક્ત થાય, જેનાથી કષાય કલુષતા રહિત થઇ ચિત્ત સુપ્રસન્ન થાય, એવા એક પણ પદની ભાવના જેમાં બની રહે તે જ્ઞાનજ સત્ય, નિશ્ચિત, તત્ત્વરૂપ અને પરમપદદાયક છે. અત્ર જૈનશાસનમાં બહુ જ્ઞાનવડેજ મુક્તિ થાય છે એવો એકાંત આગ્રહ નથી.

વિવરણ—" **नमो अरिहंताणं, नमो सिद्धाणं** " અથવા '**मारुप मातुप**' એવા એક પણ પરમાર્થ યુક્ત પદનું વારંવાર આત્મામાં રટન કરવામાં આવે, તેનો પરમાર્થ—વાચ્યાર્થ વારંવાર શાંતિથી વિચારવામાં આવે, તેના વાચ્યાર્થની સાથે એકતા કરવામાં આવે અને એમ કરીને આત્મામાં અનાદિ કાળથી જડ ઘાલીને બેઠેલા રાગાદિ દોષોને સમૂળગા દૂર કરવામાં આવે તે જ્ઞાનનેજ કલ્યાણકારી **તત્ત્વજ્ઞાન** કહેવું યુક્ત છે. આવા એક એક પદના પણ પુષ્ટ આલંબનથી અનેક જીવોનું કલ્યાણ થયું છે, તો તેવા કલ્યાણકારી અનેક પદવાળા શ્રુતજ્ઞાનનું તો કહેવુંજ શું! તેવા અધિક તત્ત્વજ્ઞાનથી તો પોતાનું તથા પરનું ઉભયનું હિત થઈ શકે છે. પરંતુ પવિત્ર જૈનશાસનમાં એવો એકાંત આગ્રહ તો નથીજ કે પ્રમાણમાં વધારે જ્ઞાન હોય તેનુંજ કલ્યાણ થઇ શકે અને થોડા જ્ઞાનવાળાનું કલ્યાણ થઇ ન શકે. થોડા પણ તત્ત્વજ્ઞાનવાળાનું અવશ્ય કલ્યાણ થઈ શકે, એવો આ શ્લોકનો પરમાર્થ પ્રગટ દીસે છે, એમાં કંઈ પણ શંકા જેવું દેખાતું નથી. પરંતુ ભાગ્યવશાત્ સદ્‌ગુરૂકૃપાથી તેવા તત્ત્વજ્ઞાનનો અધિક લાભ થાય તો તે સ્વપરને વિશેષે હિતકારી થઇ શકેછે. જે એક પણ પદના પુષ્ટ આલંબનથી આત્માનું કલ્યાણ બતાવ્યું તે પદ ભાવનામય થઇ જવું જોઇએ. '**नमो अरिहंताणं**' અથવા '**नमो सिध्दाणं**' એ પદની સાથે એવી એકતા--તન્મયતા થવી જોઇએ કે 'એ તે હું.' જેવું શુદ્ધ સ્વાભાવિક સ્વરૂપ તેમણે પ્રગટ કર્યું તેવુંજ શુદ્ધ સ્વરૂપ પોતાને પ્રગટ થાય, પોતાના સર્વ કર્મ દૂર જાય, અને પોતાનો આત્મા નિર્મળ, નિષ્કલંક, સર્વજ્ઞ, સર્વદર્શી, પરમશાંત અને સર્વશક્તિમાન થાય એવી શુદ્ધ-નિર્દોષ ભાવનાથીજ ઉક્ત પદનું સેવન કરવામાં આવે. '**માસતુષ**' મુનિની પેરે '**मा रुष मा तुष**' એવા એક પણ પદનું શુદ્ધ નિષ્ઠાથી સ્મરણ કરવામાં આવે, તેના પરમાર્થ સામે ક્ષણે ક્ષણે પોતાનો ઉપયોગ જાગૃત થતો જાય, ગમે તેવા સમ વિષમ સંયોગમાં પોતે **રાગ** કે **રીસ** નજ કરવા લક્ષ રાખી શકે, અને એમ કરતાં કરતાં અનુક્રમે સર્વ રાગદ્વેષાદિકનો ક્ષય પણ કરી શકે. એવા પવિત્ર લક્ષથી એક અથવા અનેક પદનું સ્મરણ, મનન અને નિદિધ્યાસન કરવાથી કોઇપણ જીવનું કલ્યાણ થઈ શકેછે. સર્વ આગમનો એવોજ ઉત્તમ આશય છે. સર્વ સદાચાર સેવવાનો એવોજ હેતુ હોયછે, કે જેથી આત્મા રાગદ્વેષ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મોહાદિકથી મુક્ત થઇ સહજ સ્વાભાવિક ગુણનો સતત ભોક્તા થઇ શકે. રાગદ્વેષાદિક દોષથી સર્વથા મુક્ત થયેલા શ્રી વીતરાગ પરમાત્માએ ભવ્ય પ્રાણીઓના એકાંત હિતને માટેજ એવા ઉત્તમ પદનું આલંબન લેવા ઉપદેશેલું છે. જેમ શ્રદ્ધાપૂર્વક મંત્રપદનું સ્મરણ કરતાં વિષધરનું વિષ ઉતરી જાયછે, તેમ શુદ્ધ શ્રદ્ધાથી, શ્રીજિનેશ્વર ભગવાને અરૂપેલાં અને ગણધરાદિકે ગુંફેલાં શાસ્ત્રવચનનું સ્મરણાદિક કરતાં ગમે તેવાં કઠણ કર્મના બંધ તૂટી જાયછે, રાગાદિક દોષોનો ક્ષય થઇ જાયછે, અને પરમ નિવૃત્તિ પ્રાપ્ત થાય છે. રાગાદિક દોષોના વિજેતા, કેવળજ્ઞાનાદિક અનંત ગુણના સ્વામી અને નરેંદ્ર દેવેંદ્ર તથા યોગીંદ્રને પણ માન્ય એવા જિનેશ્વર પ્રભુનાં પવિત્ર વચનને શુદ્ધ ભાવનાથી અનુસરનાર ભવ્ય આત્માજ ' જૈન ' નામને સાર્થક કરે છે. શુદ્ધ ભાવના વિનાનું ગમે તેટલું ઘણું પણ લુખું જ્ઞાન તો કેવળ ભારભૂતજ થાય છે; તેથી કંઇ આત્માનું કલ્યાણ થઇ શકતું નથી. શ્રીમદ્ ઉપાધ્યાયજી મહારાજે અન્યત્ર એક પદમાં ' જૈન ' શબ્દનો પરમાર્થ બતાવ્યો છે. તે પદ અત્યંત ઉપયોગી હોવાથી અહીં પ્રસંગોપાત ટાંક્યું છે—

## રાગ ધન્યાશ્રી.

" પરમ ગુરૂ ! જૈન કહો ક્યોં હોવે ?
ગુરૂ ઉપદેશ બિના જન મૂઢા, દર્શન જૈન વિગોવે. પરમ ગુરૂ જૈન૦ ૧
કહત કૃપાનિધિ સમજલ ઝીલે, કર્મ મયલ જો ધોવે;
બહુલ પાપ મલ અંગ ન ધારે, શુદ્ધ રૂપ નિજ જોવે. પરમ ગુરૂ જૈન૦ ૨
સ્યાદ્વાદ પૂરન જો જાને, નય ગર્ભિત જસ વાચા;
ગુન પર્યાય દ્રવ્ય જો બૂઝે, સોઇ જૈન હે સાચા. પરમ ગુરૂ જૈન૦ ૩
ક્રિયા મૂઢ મતિ જો અજ્ઞાની, ચાલત ચાલ અપૂઠી;
જૈન દશા ઉનમેંહી નાહિ, કહે સો સબહી જૂઠી. પરમ ગુરૂ જૈન૦ ૪
પર પરિનતિ અપની કર માને, કિરિયા ગર્વે ઘેલો;
ઉનકું જૈન કહો ક્યું કહિયે, સો મૂરખમેં પહેલો. પરમ ગુરૂ જૈન૦ ૫
જ્ઞાન ભાવ જ્ઞાન સબ માંહી, શિવ સાધન સર્દહિએ;
નામ ભેખસેં કામ ન સીઝે, ભાવ ઉદાસે રહિયે. પરમ ગુરૂ જૈન૦ ૬
જ્ઞાન સકલ નય સાધન સાધો, ક્રિયા જ્ઞાનકી દાસી;
ક્રિયા કરત ધરતુ હે મમતા, યાહિ ગલેમેં ફાંસી. પરમ ગુરૂ જૈન૦ ૭
ક્રિયા બિના જ્ઞાન નહિં કબહું, ક્રિયા જ્ઞાન બિનુ નાહિ;
ક્રિયા જ્ઞાન દોઉ મિલત રહેતુ હે,જ્યોં જલરસ જલમાંહી. પરમ ગુરૂ જૈન૦ ૮
ક્રિયા મગનતા બાહિર દીસત, જ્ઞાનશક્તિ જસ ભાંજે;
સદ્ગુરૂ શીખ સુને નહિં કબહુ, સો જન જનતેં લાજે. પરમગુરૂ જૈન૦ ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**તત્ત્વ બુદ્ધિ જિનકી પરનતિ હે, સકલ સૂત્રકી કુંચી;**
**જગ જસવાદ વદે ઉનહીકો, જૈન દશા જસ ઊંચી. પરમગુરૂ૦ ૧૦**

ઉકત પદમાં ઉપાધ્યાયજી મહારાજાએ સંક્ષેપથી પણ સ્ફુટ રીતે 'જૈન' પદનો અર્થ બતાવ્યો છે. તેનું દરેક આત્માર્થી જનોએ સારી રીતે મનન કરી, પોતામાં રહેલી ખામીઓ તરફ લક્ષ દોરી, ખરૂં જૈનપણું પ્રગટ કરવા પ્રયત્ન કરવો જરૂરનો છે. આપણામાં અનાદિકાળથી મૂળ ઘાલીને રહેલા રાગદ્વેષાદિક દોષો, શ્રી જિનેશ્વર ભગવાને બોધેલાં સદ્વચનોને આદર પૂર્વક શ્રવણ કરી તે મુજબ યથાશક્તિ યત્ન કરવાથી સુધરી શકે તેમ છે. છતાં જો આપણે પ્રમાદશીલ થઇ છતી સામગ્રીએ શાસ્ત્ર શ્રવણ કરીએ નહિં, કદાચ જેમ તેમ શ્રવણ કર્યું પણ તેમાં શું રહસ્ય બોધેલું છે તેનો જોઇએ તેવો વિચાર કરીએ નહીં તો આપણું ખરૂં હિત કેમ સાધી શકાય? તેનો સવળો રસ્તો આપણને સૂઝે નહીં, અને તેથી આપણે સુખના અર્થી છતાં પરિણામે દુઃખદાયક માર્ગનેજ સુખકારી માનીને સેવી લઇએ, એમ સ્વાભાવિક રીતે બનવા યોગ્ય છે. માટે સહુથી શ્રેષ્ઠ રસ્તો એ છે કે આપણે આપણા પોતાના કલ્યાણને માટે તત્ત્વજ્ઞાની અને તત્ત્વદેશક ગુરૂના વચન ઉપર પ્રતીતિ રાખીને આપણને યોગ્ય હિતમાર્ગનો જે તેઓ બોધ આપે તેને આદર પૂર્વક શ્રવણ કરી તેમાં કેવું સુંદર રહસ્ય રહેલું છે તેનો પુરતો વિચાર કરી, તે સદુપદેશને હૃદયમાં ધારી રાખી, આપણી શક્તિને છૂપાવ્યા વિના બનતી કાળજીથી તેનો અમલ કરવાને—તેને કૃતિમાં મુકવાને તત્પર રહેવું.

જો આ પ્રમાણે શ્રદ્ધા અને લક્ષ પૂર્વક સદ્વર્તન સેવવામાં આવે તો અલ્પ કાળમાં રાગાદિ દોષો પાતળા પડે, જ્ઞાનાદિક ગુણો વૃદ્ધિ પામે, અને શુદ્ધ ચારિત્રની પુષ્ટિ થતાં આત્મામાં સહજ શાંતિ–સ્થિરતા–સમાધિ ઉત્પન્ન થાય અને તેના વડે સર્વ તાપને ઉપશમાવી–ખપાવી પરમ નિવૃત્તિને પ્રાપ્ત કરવામાં આવે; જેથી આત્મા નિર્મળ થાય અને સહજ સ્વાભાવિક સુખ–સમાધિની પ્રાપ્તિ થાય. આવું તત્ત્વજ્ઞાનજ મોક્ષાર્થી જનોને માન્ય હોવાથી આદરવા યોગ્ય છે; અને બાકીનું મિથ્યા આડંબરવાળું જ્ઞાન તો કેવળ બોજારૂપ જાણીને આત્માર્થી જનોએ ઉપેક્ષા કરવા યોગ્ય છે, એમ શાસ્ત્રકાર હવે સ્પષ્ટ રીતે સમજાવે છે. અપૂર્ણ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ષડ્દર્શનવેત્તા શ્રીમાન્ હરિભદ્રસૂરિ.

( એક સંક્ષિપ્ત ચરિત્ર ).

**( લે૦—મનસુખ વિ. કીરતચંદ મહેતા, મોરબી. )**

( ૨ )

( અનુસંધાન પૃષ્ઠ ૧૫૪ થી. )

શ્રીમદ્‌ના ગ્રંથો ચાલુ.

(૪૯) વ્યવહાર કલ્પ. (૫૦) પ્રતિષ્ઠા કલ્પ*.
(૫૧) દ્વિજવદનચપેટા. (૫૨) ક્ષમાવલ્લિબીજ.
(૫૩) જ્ઞાનપંચક વિવરણ. (૫૪) વીરસ્તવ.
(૫૫) શ્રાવક પ્રજ્ઞપ્તિટીકા.[1] (૫૬) પ્રશમરતિટીકા.[1]
(૫૭) વીરાંગદ કથા.[2] (૫૮) કર્મસ્તવવૃત્તિ.
(૫૯) લઘુ સંગ્રહણી.[2] (૬૦) જીવાભિગમ લઘુવૃત્તિ.
(૬૧) મહાનિશીથસૂત્ર. (ઉદ્ધૃત).[3] ઇત્યાદિ.

આ ઉપરાંત

(૧) નાણાચિત્ત (આ ગ્રંથ ૪૯ વાળો જ્ઞાનાદિત્ય સંભવે છે.)
(૨) તત્વ પ્રકાશ. (આ ૪૬ વાળું સંબોધ પ્રકરણ છે.)
(૩) લગ્નકુંડલિકા (આ ૪૪ વાળું લગ્નશુદ્ધિ લાગે છે.)

(૪) શ્રાવક ધર્મ તંત્ર.
(૫) શ્રાવક પ્રજ્ઞપ્તિ.* (પ્રબંધ કોશના મતે).
(૬) શ્રાવક સામાચારી.
(૭) શ્રાવકધર્મ પ્રકરણ.

(આ ચારે ગ્રંથો એકજ નામના જુદા જુદા પર્યાયો છે; અને તેથી તે ૧૯ વાળા શ્રાવક ધર્મવિધિ લાગે છે).

---

* આ નામનો ગ્રંથ શ્રી ભદ્રબાહુ, સ્વામસૂરિ આદિ અનેક આચાર્યોએ લખેલ છે, તેમ શ્રીમદે પણ લખેલો સાંભળ્યો છે.

૧ આ [૫૫–૫૬] મૂળ ગ્રંથો શ્રી ઉમાસ્વાતિ વાચકે ગુંથેલા છે; તેની ટીકાઓ તથા નંબર ૩૭ વાળી તત્વાર્થ લઘુવૃત્તિ શ્રીમદે લખેલી છે કે એ નામના બીજા આચાર્ય જે ઉમાસ્વાતિની નિકટમાં થયા છે તેની લખેલી છે એ ચોકસ કરવાનું બાકીમાં છે.

૨ આ [૫૭–૫૯] તથા નંબર ૧૨વાળું મુનિપતિ ચરિત્ર શ્રીમદે લખેલ છે કે ત્યાર પછી થયેલા એ નામના બીજા કોઇ હરિભદ્રસૂરિએ લખેલ છે એ પણ ચોકસ કહી શકાતું નથી. હરિભદ્રસૂરિ આચાર્યો ઓછામાં ઓછા ચાર થયેલા સંભવે છે, જે આગળ બતાવશું.

૩ આ સૂત્ર શ્રી હરિભદ્ર નામના આચાર્યે વીરાત્ ૧૪૭૦ માં ઉદ્ધાર્યાનું વાંચવામાં આવ્યું છે. ક્યાં વાંચ્યું છે એ યાદ નથી, પણ મારી નોંધમાં એટલું લખેલું છે. જૈન ગ્રંથાવલીમાં તો વિ. સં. ૫૮૫ લખેલ છે.

* આ નામનો ગ્રંથ શ્રી ઉમાસ્વાતિવાચકે પણ ગુંથેલ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



(૮) નૃતત્ત્વનિગમ. (આ ૩૩ વાળો લોકતત્ત્વ નિર્ણય છે.)

(૯) દીક્ષાવિધિ. (આ ૧૮ વાળા પંચાશકમાંનું દીક્ષાવિધિ પંચાશક, અથવા ૧૫ વાળા પંચસૂત્રમાંનું ત્રીજું પ્રવ્રજ્યાગ્રહણવિધિ પ્રકરણ લાગે છે, અથવા જુદું પણ હોય.)

(૧૦) સાધુ સામાચારી.+ (આ ૪૨ વાળો યતિદિનકૃત્ય લાગે છે.)

આ શિવાય શ્રીમદ્દના કરેલા બીજા અપ્રસિદ્ધ ગ્રંથો પણ ઘણા હોવા જોઇએ; અને અત્રે જે યાદી આપી છે, તેમાંના કોઇ ગ્રંથો કદાચ ચરિત્રનાયક શિવાય એજ નામના અન્ય હરિભદ્રસૂરિએ રચેલા પણ હોય; પણ આ યાદીમાંનો પ્રાયઃ ઘણો મોટો ભાગ તો શ્રીમદેજ રચેલો છે, અને એ એમ છે કે નહિ એની સવિસ્તર નોંધ આપણે આગળ લેવાના છીએ.

શ્રીમદે ચોદસો ચુમાલીશ ગ્રંથો ગુંથ્યા છે એમ આપણે આગળ જણાવ્યું છે.

શ્રીમદ્દના ગ્રંથો ૧૪૦૦, ૧૪૦૦ કે ૧૪૪૪?

કોઇ મત પ્રમાણે એ સંખ્યા ચોદસોની છે, કોઇ મત પ્રમાણે ચોદસો ચાળીશની છે અને કોઇ મત પ્રમાણે ચોદસો ચુમાલીશની છે. એ ગ્રંથોની સંખ્યા ઓછામાં ઓછી ચોદસોની છે, એ તો આ ત્રણે મતને સંમત છે.

(૧) શ્રીમદ્દના ષડ્દર્શન સમુચ્ચયની તર્કરહસ્ય દીપિકા નામની ૪૫૦૦ શ્લોકપુર વૃત્તિ, જે વિ. સં. પંદરમા સૈકાના પ્રારંભમાં વિદ્યમાન શ્રી ગુણરત્ન સૂરિએ રચી છે, તેમાં વૃત્તિકાર શ્રીમદ્દની ઓળખ આપતા પ્રકાશે છે કેઃ—

"चतुर्दशशतसंख्यशास्त्ररचनाजनितजगज्जंतूपकारः .... श्री हरिभद्रसूरिः ઇ૦" જેણે ચોદસો શાસ્ત્રો રચી જગત્ના જીવો ઉપર ઉપકાર કર્યો છે, એવા શ્રી હરિભદ્રસૂરિ.

(૨) શ્રી રાજશેખરસૂરિ, જેણે વિ૦ સં. ૧૪૦૫માં પ્રબંધકોશ (ચતુર્વિંશતિ પ્રબંધ) રચ્યોછે, તેઓ એ પ્રબંધમાં શ્રીમદ્દને ૧૪૪૦ ગ્રંથના રચનાર તરિકે ઓળખાવે છે.

(૩) શ્રી રત્નશેખરસૂરિ જેણે વિ૦ સં૦ ૧૪૯૬ માં શ્રાદ્ધપ્રતિક્રમણ (વંદિતા સૂત્ર) ઉપર અર્થદીપિકા લખીછે, તેઓ એ સૂત્રની ૪૭મી ગાથાની વૃત્તિમાં કહેછે કે,

"१४४४ प्रकरणकृत् श्री हरिभद्रसूरयोऽप्याहुर्ललितविस्तरायां ઇ૦"— ૧૪૪૪ પ્રકરણના રચનાર શ્રી હરિભદ્રસૂરિ પણ લલિતવિસ્તરામાં કહે છે. તેમજ શ્રી

+ આ ગ્રંથ શ્રી હરીપ્રભસૂરિએ રચેલછે; અને નહિ કે શ્રી હરિભદ્રસૂરિએ, એમ જૈનગ્રંથાવલીમાં શુદ્ધિપત્રક રૂપે જણાવ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમરાદિત્ય રાસમાં અને ઉપદેશપ્રાસાદમાં પણ ૧૪૪૪ પ્રકરણના રચનારા તરિકે ઓળખાવ્યાછે. **શ્રી સમરાદિત્ય** રાસમાં તો ક્રોધના(૧૪૪૪ બૌદ્ધોને હણવાના ક્રોધના) પ્રાયશ્ચિત્ત રૂપે આ ચરિત્ર પ્રમુખ ૧૪૪૪ ગ્રંથો રચ્યાનું જણાવ્યું છે. આ ૧૪૦૦ ૧૪૪૦–૧૪૪૪ માં બહુ ફેર પડતો નથી; તેમ એ એવી વાંધાવાળી વાત નથી. ૧૪૪૪ રચ્યા હોય, છતાં ૧૪૦૦ કે ૧૪૪૦ લોકરૂઢિયે કહેવાય તો તેમાં કાંઈ નવું નથી. અત્રેથી **એડન** ધારો કે ૧૪૪૪ માઈલ છે, તેને આપણે ૧૪૦૦ માઈલ કહિયે તો તે લૌકિક રૂઢિયે સત્ય છે.

એ ૧૪૪૪ સંખ્યા અંગે એક કલ્પના

આ **૧૪૪૪** ગ્રંથ તે કયા કયા એ અંગે મારા મનમાં એક કલ્પના આવે છે; એને સત્યરૂપે ગણી લેવાની નથી. શ્રીમદ્‌ની પછી નિકટના તથા ત્યાર પછીના જે જે આચાર્યોએ શ્રીમદ્‌ના ગ્રંથોના આધાર ટાંક્યા છે, અથવા એ ગ્રંથોપર વૃત્તિ–પંજીકા આદિ લખેલ છે, તેઓએ જે જે ગ્રંથોને શ્રીમદ્‌ની કૃતિ રૂપે ઓળખાવ્યા છે, તેમાંનો બહુ મોટો ભાગ આપણે શ્રીમદ્‌ના ગ્રંથોની જે યાદી ઉપર ટાંકી છે તેમાં આવી જાય છે, શ્રીમદ્‌ની જુદી જુદી કૃતિયોની એ આચાર્યોને તો ખબર પ્રાયઃ હોવી જોઈએ. આથી મનમાં એક કલ્પના આવે છે, તે એ કે ૧૪૪૪ પ્રકરણો, પ્રકીર્ણ ગ્રંથો, તે ઉપર જણાવેલ યાદીમાંના ગ્રંથોનાં જુદાં જુદાં વિષયવાર પ્રકરણો તો નહિં હોય? જો એમ હોય તો શ્રીમદે ગુંથેલાં બધાં પ્રકરણો પ્રાયઃ મળી રહેશે. જેમકે

(૧) શ્રી **પંચાશક**માં જુદાં જુદાં પંચાશકો ઉ. દ. દીક્ષા પંચાશક, વંદનક પંચાશક, યાત્રા પંચાશક, પચ્ચખાણ પંચાશક આદિ ૧૯ પ્રકરણો.

(૨) શ્રી **ધર્મબિંદુ**માં સામાન્યધર્મ, વિશેષધર્મ, ગૃહસ્થધર્મ, યતિધર્મ આદિ જુદાં જુદાં આઠ પ્રકરણો.

(૩) શ્રી **અષ્ટક**માં મહાદેવાષ્ટક, વાદાષ્ટક, પૂજાષ્ટક, સામાયિકાષ્ટક આદિ જુદાં જુદાં ૩૨ અષ્ટકરૂપ બત્રીશ પ્રકરણો.

(૪) શ્રી યોગદૃષ્ટિ સમુચ્ચયમાં મિત્રાદૃષ્ટિ, તારાદૃષ્ટિ, બલાદૃષ્ટિ આદિ આઠ દૃષ્ટિઓનાં આઠ પ્રકરણો.

(૫) શ્રી ષડ્દર્શન સમુચ્ચયમાં છ દર્શનના અધિકારનાં છ પ્રકરણો.

(૬) જ્યોતિષ્‌ના વિષયમાં લગ્નશુદ્ધિ, લગ્નકુંડલિકા આદિ વિષયોરૂપ જુદાં જુદાં પ્રકરણો.

ઇત્યાદિ જુદાં જુદાં ગ્રંથોનાં જુદાં જુદાં પ્રકરણોથી એ ૧૪૪૪ પ્રકરણો તો થવા નહિ જતાં હોય? આ એક મનઃકલ્પના છેઃ તેની સત્યતા ઉપર ભાર મુકવાનો નથી. શ્રીમદ્‌ની જુદી જુદી કૃતિઓને અંગે શોધ કરતાં ૫૦–૬૦ ગ્રંથો આપણી જાણમાં આવે છે, એથી મને આ કલ્પના થઈ છે અને તે અહીં નિવેદન કરી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શ્રીમદ્ આદિ બીજા મહાનુભાવોની કૃતિયો આપણને બધી કેમ નથી મળતી તેના અંગે સાંભવિક કારણો આ લેખના પ્રથમ અંકના છેવટના ભાગમાં જણાવ્યાં છે; તથાપિ આ આપણી જાણમાં આવેલા ગ્રંથોમાંનાં પ્રકરણો મળીને કુલ ૧૪૪૪ પ્રકરણો શ્રીમદ્‌ની કૃતિરૂપે થવા જતાં હોય, તો તેથી કાંઇ આ સંખ્યામાં અલ્પ-પણ અનલ્પ આશયભર્યાં પ્રકરણોનું ગૌરવ કિંચિત પણ ઘટે એમ નથી.

જ્ઞાનીના એક શબ્દ એક શ્લોકનું ગૌરવ.

" **જ્ઞાનીના** એક શબ્દમાં અનંતા આગમ રહેલાં છે " એવું પ્રાજ્ઞ પુરૂષોનું કથન છે. શ્રીમદ્ એક જ્ઞાની પુરૂષ હતા; તો તેઓનો એકેક શબ્દ આપણને મોંઘા મૂલ્યનો થવોજ જોઇએ. તેઓનો એક શ્લોક કે તેઓની એક ગાથા એક ગ્રંથ સમાન છે, તે સૂત્ર સમાન છે,તે સૂત્રને જેમ જેમ ઉકેલતા (ઉખેડતા ) જઇએ તેમ તેમ ગંભીર આશયભર્યો-અર્થભર્યો તાર નીકળતોજ જશે. શ્રી ધર્મબિંદુમાં જુદા જુદા અધિકારે ટુંક સૂત્રો રૂપ વાકયો છે; પણ તે સૂત્રોને ઉકેલી શ્રી મુનિચંદ્ર સૂરિયે કેવી રમણીક આશય સમજાવનારી ટીકા કરી છે? શ્રી ષડ્દર્શન સમુચ્ચયમાં મૂળ ગ્રંથમાં માત્ર ૮૭ શ્લોક છે, તથાપિ તે શ્લોકોનું અંતિમ હાર્દ પામી શ્રીગુણરત્નસૂરિયે કેવી **તર્ક રહસ્ય દીપિકા** સવિસ્તર રચી છે? આમ શ્રીમદ્‌ના એકે એક શ્લોક એકેક ભવ્ય ગ્રંથ સમાન છે; તો પછી શ્રીમદ્‌ની જે કૃતિયો અત્યારે જાણમાં આવેલી છે અને મળી શકે છે, તે પવિત્ર કૃતિઓની ભવ્યતા-ગૌરવનું તો કહેવુંજ શું ! આપણે ઇચ્છશું કે શ્રીમદ્‌ના બધા ગ્રંથો આપણને મળો !

એ ગ્રંથો શ્રીમદ્‌ની કૃતિ છે એની ખાત્રી શું !

પૂર્વોક્ત પ્રકરણો શ્રીમદ્‌ની કૃતિ છે એની ખાત્રી શું ? એવો સ્વાભાવિક પ્રશ્ન ઐતિહાસિક દૃષ્ટિએ જોનારને થશે. આના ઉત્તરમાં જણાવવાનું કે હરકોઇ ગ્રંથ કોનો રચેલો છે તેની ખબર

( ૧ ) તે ગ્રંથમાં રચનારનાં નામ આદિ હોય તેથી

( ૨ ) તે ગ્રંથમાંના અમુક સાંકેતિક ચિન્હથી

( ૩ ) વૃદ્ધ પરંપરાથી

એ આદિ બધાંથી કે બેથી કે છેવટ એકથી ખબર પડે છે.

( ૧ ) શ્રીમદ્‌નું નામ પોતાની બધી કૃતિયોમાં માલમ પડતું નથી. આનાં કારણમાં—

( અ ) પૂર્વાચાર્યોની એ શૈલીને શ્રીમદ્ અનુસર્યા હોય

( બ ) દેહાધ્યાસ ટાળવા આ રીતિ રાખવી હોય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૬ ) આગે આ ગ્રંથોમાં જે જે સત્ય વાતો પ્રતિપાદન કરી છે, તે કાંઇ અમારા ઘરની નથી. પરમ જ્ઞાનીના ઘરની છે; સર્વજ્ઞ–સર્વદર્શીના ઘરની છે; ઉત્તરોત્તર અમારી પાસે ચાલી આવેલી છે, તે જેવી રીતે અમને મળી છે, તેવી રીતે ઋણમુક્ત થવા ભવ્ય જીવોના હિતાર્થે નિર્માનીપણે, નિરીહપણે અત્રે લખી દઇએ છીએ: એમાં અમારૂં, આ હરિભદ્ર એવા દેહાધ્યાસરૂપ નામનું, હરિભદ્ર એવા વ્યક્તિગત અભિમાનનું કાંઇ નથી. એ કારણે પોતાનું નામ છુપાવ્યું હોય. પૂર્વ મહા પુરૂષો પોતાના બાહ્ય જીવનવૃત્તાંત ઉપર પ્રાય: બહુ ભાર ન મુકતા; આંતરજીવનવૃત્ તો તેઓની કૃતિયોમાં ગોપવાયલું હોય છે; સહૃદય જિજ્ઞાસુ એ ખોળી લે છે. આપણે પણ શ્રીમદ્‌ની કોઇ કોઇ (આપણને સમજાય તેવી) કૃતિયોની સમાલોચનામાં શ્રીમદ્‌નું આંતરજીવન યથાશક્તિ શોધશું.

આમ ગમે તે કારણે શ્રીમદે પોતાનું નામ પોતાના ગ્રંથોમાંના મોટા ભાગમાં ગોપવ્યું—છુપાવ્યું છે. ૩૮ વાળા શાસ્ત્રવાર્ત્તાસમુચ્ચયમાં છેલ્લા શ્લોકમાં

" आचार्यहरिभद्रेण शास्त्रवार्त्तासमुच्चयः " ॥ १५७ ॥

આ શા૦ વા૦ સ૦ હરિભદ્રાચાર્યે રચ્યો છે, એમ નામ પણ આવે છે. આ ગ્રંથમાં હરિભદ્રસૂરિની કૃતિ ઓળખાવનારૂં ચિન્હ પણ છે. જે આગળ જણાવીયે છિયે. આમ આ ગ્રંથ શિવાય બીજામાં પણ શ્રીમદ્‌નું નામ હશે, પણ તેવા ગ્રંથો બહુ અલ્પ જણાય છે.

( ૨ ) શ્રીમદ્‌ના ઘણા ખરા ગ્રંથોને છેડે " વિરહ " એ સાંકેતિક ચિન્હ આવે છે; અને આવા વિરહાંકવાળા ગ્રંથો શ્રીમદ્‌ની કૃતિયો છે, એમ શ્રી મુનિચંદ્રસૂરિ તથા અભયદેવસૂરિ કહે છે. નવાંગી વૃત્તિકાર શ્રી અભયદેવસૂરિ વિ૦ સં૦ બારમા સૈકાના પૂર્વાર્ધમાં વિદ્યમાન હતા; તેઓએ શ્રીમદ્‌ના " પંચાશક " ઉપર વૃત્તિ લખી છે; જેમાં તેઓ કહે છે કે:—

**સાંકેતિક ચિન્હ?**

" इह च विरह इति सितांबरश्रीहरिभद्राचार्यस्य कृतेरंक इति "

આ પંચાશકમાં જે **વિરહ** શબ્દ છે તે સિતાંબર ( શ્વેતાંબર ) શ્રી હરિભદ્રસૂરિની કૃતિનું ચિન્હ છે; તેમજ શ્રી મુનિચંદ્રસૂરિ પણ જે શ્રી અભયદેવસૂરિના સમકાલિન હતા, અને જેમણે શ્રીમદ્‌ના અનેકાંત જયપતાકા, લલિતવિસ્તરા; ધર્મબિંદુ, ઉપદેશપદ, યોગબિંદુ આદિ ઉપર પંજીકા–વૃત્તિ રચેલ છે. તેઓ શ્રી લલિતવિસ્તરાની પંજીકામાં પ્રકાશે છે કે:—

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" इह विरह इति याकिनीमहत्तरासूनोराचार्यहरिभद्रस्येति. "
આ લલિતવિસ્તરામાં વિરહાંક છે તે શ્રી **યાકિની મહતરાના સૂનુ ( ધર્મપુત્ર ) શ્રીહરિભદ્રસૂરિનો છે.**

વીર સ્તવમાં. કોઇ કોઈ કૃતિયોમાંનો એ વિરહાંક આપણે જોઇએ. ૫૪ વાળા વીર સ્તવમાં છેલ્લી સ્તુતિના પ્રાંતે.

" सुत्तं वंदे मयणविरहं तस्सणाहंपि वीरं "

સૂત્ર તેમજ મદનનો જેને વિરહ છે ( કામથી જે રહિત છે ) એવા એ સૂત્રના નાથ શ્રી વીરને પણ હું વંદું છું.

સંસાર દાવાની સ્તુતિમાં. ૪૮ વાળા સંસારદાવા સ્તુતિની છેલ્લી ચોથી સ્તુતિમાં પ્રાંતે

" जवविरहवरं देहि मे देवि सारं "

હે દેવી! મને એવો સારરૂપ વર ( વરદાન ) દે, કે મારા ભવનો **વિરહ** ( ભવથી નિસ્તાર–મોક્ષ ) થાય !

ધર્મબિંદુમાં. ૨૦ વાળા **ધર્મબિંદુ**માં પણ છેલ્લી ગાથામાં

" सतत्र दुःखविरहादत्यंतसुखसंगतः ।
तिष्ठत्ययोगो योगींद्रो वंद्यस्त्रिजगतीश्वरः " ॥

ત્રણ જગત્‌ને વિષે વંદ્ય ઇશ્વર, તે અયોગી યોગીદ્ર દુઃખના **વિરહથી** (દુઃખના આત્યંતિક વિનાશથી) અત્યંત સુખ પામીને ત્યાં (તે સિદ્ધક્ષેત્રમાં) વિરાજે છે.

તેવીજ રીતે ૧૯ વાળા શ્રી અષ્ટકના પ્રાંતે પણ

અષ્ટકમાં.
" अष्टकाख्यप्रकरणं कृत्वा यत्पुण्यमर्जितं ।
विरहात्तेन पापस्य जवंतु सुखिनो जनाः " ॥

અર્થાત્ આ અષ્ટક નામનું પ્રકરણ રચ્યાથી જે પુણ્ય પ્રાપ્ત થયું છે, તે પુણ્યવડે પાપનો વિરહ (નાશ) થઇ જનસમૂહ સુખી થાઓ.

તેમજ ૩૮ વાળા શ્રી **શાસ્ત્રવાર્તા**સમુચ્ચયના છેલ્લા આઠમા સ્તબકને પ્રાંતેઃ—

શાસ્ત્ર૦ વા૦ સ૦ માં. "कृत्वाप्रकरणमेतद्यदवाप्तं किंचिदिह मया कुशलम् ।
**जवविरह बीजमनघं लज्जतां जव्यो जनस्तेन ॥ १५० ॥**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અર્થાત્ આ ( શ્રા૦ વા૦ સ૦ ) પ્રકરણ ગુંથ્યાથી આ સંસારમાં મને જે કાંઇ પુણ્ય હાંસલ થયું હોય, તે પુણ્યવડે ભવ્ય જીવો પાપ-દુઃખ રહિત સંસારવિરહ (મોક્ષ)નું બીજ જે બોધિ તેને પામો! ·

૧૯ વાળા શ્રાવકધર્મ પ્રકરણ ( શ્રાવકધર્મ વિધિ ? ) જેની વિ. સં. ૧૩૭૭માં શ્રી અભયતિલકસૂરિએ ૧૫૦૦૦ શ્લોકપુર ટીકા રચી છે, તેમાં પણ "વિરહાંક" છે, એમ જૈન કોન્ફરન્સ ઓફીસ તરફથી છપાયેલાં પ્રસિદ્ધ થયેલી "જૈન ગ્રંથાવલી" પરથી સમજાય છે. આમ આ વિરહાંક શ્રીમદ્‌ની ઘણી ખરી કૃતિયોમાં જોવામાં આવે છે.

શ્રાવક ધર્મવિધિમાં

આ વિરહ અંકમાં શું ગુપ્ત સંકેત હશે એ તો આપણને secret રહસ્ય રૂપ રહેશે. એને અંગે પ્રચલિત જુદા જુદા તુરંગો છે. (૧) કોઇ કહે છે કે પોતાના ભાણેજશિષ્ય હંસ-પરમહંસનો વિરહ દાખવવા શ્રીમદે કોઇ કોઇ કૃતિયોમાં આ વિરહાંક આણ્યો છે. કોઇ વળી બીજું કાંઇ કહે છે, (૨) અમને વળી ઉત્પ્રેક્ષા રૂપ એવી કલ્પના ઉદ્‌ભવે છે, કે જાણે શ્રીમદ્‌ને શ્રી વીરનો, સર્વજ્ઞ સર્વદર્શીનો, પરમ જ્ઞાનીનો, પરમ જ્ઞાન યોગ્ય દ્રવ્ય-ક્ષેત્ર-કાલ-ભાવ આદિ સામગ્રીનો વિરહ વેદાયો હોય અને જાણે એ વિરહવેદના પડઘા રૂપે પોતે આ વિરહાંક પોતાની કોઇ કોઇ કૃતિઓમાં આણ્યો હોય? અને (૩) જે જે શબ્દોની પછી એ વિરહ અંક મુકયો છે, તેથી પણ એ સાંકેતિક ચિન્હનું કંઇક રહસ્ય આપણને સમજાય એમ છે. એ વિરહ પહેલાં ભવ, પાપ, દુઃખ, મદન ( અર્થાત્ ભવવિરહની, પાપવિરહની, દુઃખવિરહની કે મદન વિરહની સ્વપર માટે પ્રાર્થના-આશિષ રૂપ) એ આદિ મુકેલા હોય છે; તેથી જાણે તેઓ ભવદુઃખથી અને તેનાં કારણ રૂપ પાપ-કામ-ક્રોધાદિથી ઉપરાંઠા થયા હોય, અને બીજાને પણ ભવ દુઃખથી, અને તેના કારણરૂપ પાપ-કષાયાદિથી પીડાતા જોઇ તેઓનાપર અનુકંપા બુદ્ધિએ તે તે પાપ-દુઃખના કારણના વિરહ (નાશ)ની સ્વપર માટે પ્રાર્થના-આશિષ કરતા ન હોય? શ્રીમદ્ સંસારથી કેટલા ઉપરાંઠા થયા હતા, અને બીજાઓ માટે એને કેટલી નિષ્કારણ કરૂણા-અનુકંપા હતી, એ શ્રીમદ્‌નો આ વિરહાંક આપણને બરાબર સ્પષ્ટ કરે છે. શ્રીમદ્‌ના આંતર જીવન વૃત્‌માં આપણે આ વિસ્તારે વિચારશું.

આ વિરહ અંક શું સૂચવે છે ?

(૩) વિરહાંક શ્રીમદ્‌ની બધી કૃતિયોમાં નથી. એવી પણ કૃતિયો છે કે જેમાં શ્રીમદ્‌નું નામ નથી તેમજ આ વિરહાંક પણ નથી; પરંતુ વૃદ્ધ પરંપરાથી, એ ગ્રંથો પરની ટીકા-વૃત્તિઓ, ગુરૂ પર્વક્રમથી એ કૃતિઓ શ્રીમદ્‌ની રચેલી હોવાનું આપણને પ્રતીત થાય છે. દાખલા તરિકે શ્રી ષડ્‌દર્શન સમુચ્ચયમાં નથી શ્રીમદ્‌નું નામ, કે નથી શ્રીમદ્‌નો વિરહાંક, કે જેથી આપ-

વૃદ્ધ પરંપરા!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ણે જાણીએ શકીએ કે આ ગ્રંથ તો શ્રીમદે રચેલો છે; છતાં એ ગ્રંથપરની વૃત્તિથી આપણે જાણીએ છીએ કે એ ગ્રંથ શ્રીમદે રચેલો છે. તેમજ શ્રી **લોકતત્ત્વનિર્ણયમાં** પણ શ્રીમદ્નું નામ કે વિરહાંક નથી; પણ આ ગ્રંથના કેટલાક શ્લોક શ્રી ષ૦ દ૦ સ૦ ની તર્કરહસ્ય દીપિકા વૃત્તિમાં વૃત્તિકાર શ્રી ગુણરત્નસૂરિએ આધાર–શાખ–દષ્ટાંત રૂપે લીધા છે, અને સાથે એમ પણ કહ્યું છે કેઃ—"**इति पूज्य श्री हरिनद्रसूरिन्निर्लोकतत्त्वनिर्णये.** આમ શ્રી હરિભદ્રસૂરિ શ્રી લોકતત્ત્વનિર્ણયમાં કહે છે." તેથી આપણે જાણી શકીએ છીએ કે આ **લોકતત્ત્વનિર્ણય** પણ શ્રીમદ્ની કૃતિ છે.

શ્રી ષડ્દર્શનસમુચ્ચય વૃત્તિમાં શ્રી લોકતત્ત્વનિર્ણયના શ્લોકોઃ—

(૧) ષડ્દર્શનની પહેલી ગાથાની વૃત્તિમાંઃ—

"**वंद्युर्न नः स नगवानरयोऽपिनान्ये**" ६० ॥ ३२ ॥

તેમજ "**पक्षपातो न मे वीरे न द्वेषः कपिलादिषु**" ६. ॥ ३८ ॥ તેમજ આત્મવાદિયોનો "**पुरुष एवेदं सर्वं**" ઇ૦ મંત્ર છંદ, તથા સ્વભાવવાદિઓનો "**कः कंटकानां प्रकरोति तैक्ष्ण्यं**" ઇ૦ ॥ ૯૪ ॥ તેમજ શ્રી ષડ્દર્શન મૂળમાં ૮૧મી ગાથા ચાર્વાકમત સંબંધીની "**एतावानेव लोकोऽयं**" ઇ૦, શ્રી લો. ત. નિ. માં ૧૦૬ મા શ્લોક રૂપે છે. આથી શ્રી લો. ત. નિ. પણ શ્રીમદે રચેલો હોવાનું આપણને પ્રતીત થાય છે. તેમજ શ્રી દર્શનસત્તરી ( સમ્યક્ત્વ સપ્તતિકા ૪૦ વાળો ) માં પણ શ્રીમદ્નાં નામ કે ચિન્હ જોવામાં નથી આવતાં છતાં વૃદ્ધ પુરૂષોથી અને વૃત્તિથી આપણે જાણીએ છીએ કે એ ગ્રંથ શ્રીમદે રચેલો છે. આમ એ બધા ગ્રંથો શ્રીમદે રચેલા છે, એની જુદા જુદા આધારે ખાત્રી થઇ શકે એમ છે. આમ છતાં કોઇ પ્રશ્ન કરે કે શ્રીમદે પોતાનું નામ ન મુકયું તો કાંઈ નહીં, પણ પોતાનો **વિરહાંક** બધા ગ્રંથોમાં કાં નહિ મુકયો હોય? આને અંગે મનઃકલ્પિત ( સાચોજ એમ નહિ ) ખુલાસો એ થઇ શકે એમ છે કે જ્યાંજયાં ગ્રંથના છેવટના શ્લોકમાં વિષય અને અર્થને તાણી તોડીને ખેંચવા ન પડે અને સરળપણે "**વિરહ**" શબ્દ વિષયના અર્થને દીપતી રીતે આવી શકે, ત્યાં તે અંક મુકયો હોય; અને બીજે જ્યાં એવી અનુકૂળતા ન હોય ત્યાં ન મુકયો હોય; અથવા જેમ ઘણા ગ્રંથોમાં બને છે તેમ એ અંકવાળી શ્રીમદ્ની છેલ્લી ગાથાઓ લોપ થઇ હોય! વળી કોઈ એવો પ્રશ્ન કરે કે પ્રસ્તુત કૃતિયો ભલે શ્રીમદ્ હરિભદ્રસૂરિની હો; પણ તમે કહો છો એજ હરિભદ્રસૂરિની એ કૃતિયો છે એની શું ખાત્રી? આને અંગે કેટલાક ગ્રંથો તો ચરિત્ર–નાયક શ્રીમદ્ના છે એમ સ્પષ્ટ ખુલાસાવાર ઉપર જણાવી દીધું છે. બાકીના જે શ્રીમદ્ની કૃતિરૂપે પ્રસિદ્ધિમાં આવેલા ગ્રંથો, કે જેનું મેં નામ માત્ર સાંભળ્યું છે, અને પ્રાયઃ જે મારા જોવામાં નથી આવ્યા તેમજ પ્રસિદ્ધિમાં નથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવ્યા પણ હવે પછી આ તે શ્રીમદ્‌ના ( ચરિત્ર—નાયક—હરિભદ્રસૂરિના ) છે કે નહિં એની ખાત્રી, તે તે ગ્રંથોપરથી કે તેના પરની વૃત્તિ આદિથી કે વૃદ્ધપુરૂષોથી જણાય કે શ્રી યાકિનીસૂનુ હરિભદ્રસૂરિ ૧૪૪૪ ગ્રંથવાળા હરિભદ્રસૂરિ અથવા વિરહાંકવાળા હરિભદ્રસૂરિની એ કૃતિઓ છે, તો થશે. કહેવાનું તાત્પર્ય એ કે શ્રી હરિભદ્રસૂરિની કૃતિરૂપે ઓળખાતા પ્રસિદ્ધિમાં આવેલા ગ્રંથો, તેમજ હવે પછી સંશોધનથી પ્રસિદ્ધિમાં આવી શ્રી હરિભદ્રસૂરિની કૃતિરૂપે ઓળખાય એ ગ્રંથો, જુદા જુદા આધારે એમ જણાય કે વિરહાંકવાળા, ૧૪૪૪ ગ્રંથવાળા અથવા યાકિનીસૂનુ હરિભદ્રસૂરિના એ ગ્રંથો છે, તો ચરિત્રનાયક હરિભદ્રનાજ છે એમ સમજવું. આ લેખમાં આપેલી યાદીમાંના ઘણાખરા ગ્રંથો તો ચરિત્રનાયક હરિભદ્રસૂરિના છે, એમ વિદ્વાન્ પુરૂષોના કહેવાથી હું માનું છું. એ ગ્રંથો ચરિત્રનાયક હરિભદ્રસૂરિના છે એની શું ખાત્રી ?—એ પ્રશ્નના આટલા લાંબા ઉહાપોહ પછી સમયોચિત એક **સામાન્ય નિયમ** રૂપે જણાવવું યોગ્ય લાગે છે કે એ ગ્રંથો ગમે તેના હોય, પણ આટલું તો ચોક્કસ છે કે તેના **પ્રણેતા પુરૂષોએ એ એ ગ્રંથો પોતાને ઓળખાવા માટે, પોતાનું વ્યકિતગત અભિમાન** દાખવવા માટે નથી લખ્યા; એકાંત સ્વપરહિત માટે, સ્વપરકર્મની નિર્જરા માટે, સ્વપરના ભવનિસ્તાર માટે લખ્યા છે. એટલે એ એ ગ્રંથોના ગુંથનાર પુરૂષ કોણ છે, એ જાણવામાં જેટલું આપણું સાર્થક છે, તેથી વિશેષ વિશેષ સાર્થક એ પરમોપકારી પુરૂષોએ નિસ્પૃહવૃત્તિથી, આપણા હિત માટે, જે જે સદ્‌બોધ એ એ ગ્રંથોદ્વારા આપેલ છે, તે પ્રમાણે વર્તવામાં જે જે હેય–જ્ઞેય–ઉપાદેય એ એ ગ્રંથોમાં દર્શાવેલ છે, તે તે પ્રમાણે છાંડવા યોગ્ય છાંડવામાં, જાણવા યોગ્ય જાણવામાં, આદરવા યોગ્ય આદરવામાં છે. આભવ પરભવના કલ્યાણનાં કારણરૂપ, ભવવિરહના બીજરૂપ ઉપકારી ગ્રંથોના રચનાર પુરૂષોનાં નામ, ઇતિહાસ, ચરિત્રાદિની જીજ્ઞાસા ઉપકારવશતાને લઇ તથા તે પુરૂષપ્રતિ ભકિતરાગને લઇ આપણને સ્વાભાવિક થાય; અને એવી જીજ્ઞાસા ન થાય તો આપણે કેવળ કૃતઘ્ન અને ગુણચોર ગણાઇએ; પણ જ્યાં આપણને એ પ્રણેતા પુરૂષોનાં ઇતિહાસ તો દૂર રહ્યાં, પણ નામાદિ પણ ન ઉપલબ્ધ થાય ત્યાં નિરૂપાય ! માટે તે નિષ્કારણ ઉપકારી પુરૂષોના ગુણ–ઉપકારની જો આપણને ખરેખર કદર હોય, તે ઉપકારી પુરૂષો પ્રતિ સાચો ભકિતરાગ હોય, તો તે તે પુરૂષોએ તે તે ગ્રંથમાં આપણા હિત માટે જે જે આજ્ઞા કરી હોય, તે તે આજ્ઞા પ્રમાણે વર્ત્તવું એજ સાર્થક છે, એજ શ્રેયસ્કર છે, એજ સાચો ભક્તિરાગ છે, એજ ખરી કૃતજ્ઞતા છે, અને એજ ધર્મ છે. આર્ષ વચન છે કે:-

*આ લાંબા ઉહાપોહનું અંતિમ ફળ.*

" आणाए धम्मो "

" પરમ પુરૂષની આજ્ઞાએ વર્તવું એ ધર્મ છે." ઇતિ શમ.

અપૂર્ણ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# ब्रह्मचर्य व्रतनी भावना.

બ્રહ્મચારી પુરૂષોએ ભાવવું જોઈયે કે આત્માને આત્મસ્વભાવમાં રહેવું એજ ધર્મ છે. નિશ્ચય નયે કંઇ પણ પરપુદ્‌ગલ પ્રવૃત્તિમાં વર્ત્તવું તે આત્મધર્મ નથી. જેટજેટલી પુદ્‌ગલ સાથે વર્ત્તના કરવામાં આવે છે તે આત્મધર્મથી અતિરિક્ત છે. તે વર્ત્તનાથી આત્મા સમય સમય મલીન થાય છે. માટે આત્મતત્ત્વના અભિલાષી પુરૂષો જોકે સર્વથા પરપ્રવૃત્તિ રોકી શકતા નથી તોપણ તેનાથી જેટલે અંશે બની શકે તેટલી રોકવાને સદા ઉદ્યમવંત હોય છે. જેથી વ્યવહારિક પુદ્‌ગલીક સુખમાંથી જેમ જેમ નિવર્તન થઇ શકે તેમ તેમ નિવર્તે છે. તેમાં સંસારને વિષે જીવોને વિશેષ પ્રકારે રોળાવનાર પુરૂષને સ્રીસંગ અને સ્રીને પુરૂષસંગ છે, જે સંગમાં આસક્ત થવાથી આત્મા ઘણો મલીન થાય છે; તેથી તાત્વિક પુરૂષો શીળવ્રત પાળવાને મૈથુનનો ત્યાગ કરી બ્રહ્મચર્યવ્રત ધારણ કરે છે. **બ્રહ્મ** એટલે જ્ઞાન તેમાં **ચર્યા** એટલે રમણ કરવું એટલે કે જ્ઞાનમાં રમણ કરવું એ **બ્રહ્મચર્ય**નો શબ્દાર્થ છે. કુશીળસેવવામાં દુઃખ છે છતાં સુખ માનવામાં આવે ત્યારે તે અજ્ઞાન થયું. આ પ્રમાણે અજ્ઞાનની રમણતા તે અબ્રહ્મ એટલે મૈથુન સમજવું. હવે તે કુશીલ પ્રવૃત્તિ કરવાથી શું શું દુઃખ થાય છે તે પ્રથમ વિચારો કે—સ્રી મેળવવા માટે પ્રથમ દ્રવ્યની જરૂર પડે, તે પેદા કરવા અનેક પ્રકારનાં પાપ કરવાં પડે, કષ્ટ વેઠવાં પડે, અત્યંત કષ્ટે દ્રવ્ય ઉપાર્જન કરીને સ્રી લાવ્યા તો પછી જન્મ પર્યંત તેના ભરણપોષણની ચિંતા રહે છે, બાલબચ્ચાં થાય તો તેના ઉદરનિર્વાહ તથા વિવાહકરણ ઇત્યાદિ કાર્યની ચિંતા રહે છે, તેથી આખી જીંદગી અતિ કષ્ટે દ્રવ્ય ઉપાર્જન કરવામાં અને આર્તધ્યાનમાં ગાળવી પડેછે, અને તેથી સંસારસંતતિ વધે છે. વળી પુરૂષને સ્રીના આધીન અને સ્રીને પુરૂષાધીન રહેવું પડે છે. સ્રીઓને પુરૂષની તાડના તર્જના નિર્ભર્ત્સના ઇત્યાદિ સહન કરવાં પડે છે. તે ઉપરાંત સ્રીપુરૂષને સંયોગ કરવામાં અને સંયોગથી નિવર્તન થાય તે વખતે બંનેની શારીરિક સ્થિતિ કેવી નિર્બળ થાય છે તે ભોગી પુરૂષો સ્વતઃ સમજી શકે છે. તેમ છતાં અજ્ઞાનપણે પ્રગટ દુઃખને સુખ માની લેછે. જેમ શ્વાન હાડકાને ચાટે છે ત્યારે જોકે પોતાના તાળવાનોજ ઉતરેલ રસ ( હાડકું વાગવાને લીધે તેમાંથી નીકળેલ રૂધિર ) તેના ચાટવામાં આવે છે છતાં હાડકાના રસને ચાટું છું એવું મિથ્યા ભાન તેને થાય છે, ખૂજલીવાળો માણસ ખણવાથી લોહી નીકળવા વિગેરેનું દુઃખ થાય છે છતાં ખણવામાં આનંદ માને છે, તેવીજ રીતે ભોગી પુરૂષો પોતાના કાયકલેશના દુઃખને સુખ માને છેઃ એ વિચારવા યોગ્ય છે. કોઇનો પેશાબનો છાંટો અડકે તો દુગંચ્છા લાવી ધોઇ નાંખવામાં આવે છે, તો દુગંચ્છનિક પદાર્થથી વ્યાપ્ત એવા સ્રીના ઉદરને વિષે જે કામક્રીડા કરવી તે કેટલું બધું ખરાબ છે! છ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તાં તે અજ્ઞાનપણે સમજવામાંજ આવતું નથી. વૈદક શાસ્ત્રના નિયમ પ્રમાણે એકતાળીશ દિવસે શરીરમાં જેટલા વીર્યનો જમાવ થાય છે તેટલું વીર્ય એક વખતના સંભોગમાં સ્ખલિત થાય છે. એ નિયમ પ્રમાણે વીર્યની ઉત્પત્તિ કરતાં હાનિ વધારે હોવાથી બળ, પરાક્રમ અને આયુષ્યની હાનિ થાય છે, તો તેના કરતાં બીજું વધારે દુઃખ કયું તે સ્વયં વિચારવા યોગ્ય છે.

જે પુરૂષો બ્રહ્મચારી છે તેઓ વ્યાવહારિક કાર્યથી ફારગત થયા એટલે નિવૃત્તિથી સુએ છે, આર્તધ્યાન કરવું પડતું નથી; આત્મ ગવેષણા વખતે તેમને વિષયાદિના વિચારો પીડતા નથી અને સુખે કાળ નિર્ગમન કરે છે, ત્યારે અબ્રહ્મચારી પુરૂષોની ગતિ તેથી વિપરીતજ હોય છે. તેઓને શુભ ધ્યાનને બદલે દુર્ધ્યાનજ થયા કરે છે.

સ્ત્રી ગર્ભ ધારણ કરે છે, ત્યારે તેની પીડા નવ માસ પર્યંત ભોગવ્યા બાદ પ્રસૂતિસમયે મરણાંત કષ્ટ સહન કરવું પડે છે, તે વખતનું દુઃખ તો જેને અનુભવ થયો હોય તેજ સ્ત્રી જાણે છે. મતલબ કે કહી શકાય નહિં તેવું અસહ્ય દુઃખ હોય છે. વળી સંતાન થાય તેની વિષ્ટા મૂત્રાદિ વારંવાર ધોવાં પડે, વિષ્ટા મૂત્રાદિથી ખરડાયેલ પથારીમાં સુવું પડે, વિષ્ટાદિ ધોતાં નખમાં ભરાઇ જાય તેવા હાથે જમવું પડે, વળી તેમને ખવરાવવા પીવરાવવાની મહેનત અને કદાચ નિર્ધનાવસ્થામાં વૈધવ્ય પ્રાપ્ત થાય તો તેમના ભરણપોષણની ચિંતા વિગેરે અનેક કષ્ટો સહન કરવાં પડે છે. વળી મૈથુનસેવનથી ટાંકી પરમીયા પ્રમુખ અનેક રોગોત્પત્તિ થવાથી પણ અનેક પ્રકારે પીડાવું પડે છે, અને તેથી આર્ત્તધ્યાનવડે કર્મબંધન થાય છે. તેથી નરકાદિ દુર્ગતિના આયુષ બંધાય છે, અને વર્ણન ન થઈ શકે તેના પ્રકારનાં દુઃખો ભવિષ્યમાં ભોગવવાં પડે છે. વળી સ્ત્રીના ઉપર વિશેષ પ્રકારનો મોહ હોય તો મરણસમયે તે સ્ત્રીની ભાવના થવાથી તેજ સ્ત્રીના ઉદરમાં કીડા રૂપે ઉત્પન્ન થવું પડે છે, અને ત્યાંથી મરીને દુષ્ટ સંજ્ઞાના યોગે એકેંદ્રિયાદિપણું પ્રાપ્ત થાય છે. આ પ્રકારે મહા પુન્યયોગે પ્રાપ્ત થયેલ મનુષ્યજન્મ પામીને જે હારી જાય છે અને એકેંદ્રિયપણું પ્રાપ્ત કરે છે તે સઘળી માત્ર મૈથુન દશાની વિડંબના છે.

આત્માને ગમે તેટલું જ્ઞાન થયું હોય પરંતુ કુશીલવડે તે નષ્ટપ્રાય થાય છે. કેમકે જ્ઞાનદશાએ જેમાં દુઃખ ભાસે છે તેમાં તેને સુખબુદ્ધિ થાય છે. સમ્યકૃત્વ અને મિથ્યાત્વમાં એટલોજ ફરક છે. સમકિતી ખરા સુખને સુખ માને છે ત્યારે મિથ્યાત્વી કાયક્લેશના દુઃખને સુખ માને છે. તેથી તેમનું સમ્યકૃત્વ નષ્ટ થયેલું હોય છે.

સમ્યક્ત્વવંત પુરૂષો સ્ત્રીનું સુખ જોઈને વિચારે છે કે માંસ, લોહી આદિ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અપવિત્ર પદાર્થોનું બનેલું, ચામડાના ઢાંકણથી સુશોભિત દેખાતું આ શરીર છે, તેના વિષે આસક્તિ કરવાથી હું અનંત સંસાર રોળાયો છું એમ વિચારી ઉદાસવૃત્તિમાં સર્વ કાળ નિર્ગમન કરે છે. સ્વપ્નમાં પણ તેને સ્ત્રી વલ્લભ લાગતી નથી. એવી દશા સદા કાળ બની રહેવાથી સ્ત્રીના હાવભાવ કટાક્ષાદિ તેને અંશમાત્ર પણ ક્ષોભ કરી શકતા નથી. તેઓ તેવે પ્રસંગે નિશ્ચલજ રહે છે. જેવી રીતે સ્થૂળભદ્રજી વેશ્યાના ઘરમાં રહ્યા છતાં પણ બીલકુલ ચલાયમાન થયા નહિ; વળી સુદર્શન શેઠને અભયા રાણીએ ભોગ કરવાને અનેક પ્રકારે પ્રાર્થના કરી અને અવાચ્ય સ્થાને અનેક પ્રકારે અંગસ્પર્શ કર્યો તોપણ શરીર કે મનની સ્થિતિ બદલાઈ નહીં, કેમકે તેને ત્રિકરણ યોગે પરસ્ત્રી ભોગવવાથી સુખબુદ્ધિ નષ્ટ થયેલીજ હતી. શુદ્ધ શિયળના મહિમાવડે તેમને શુળી પર આરોપણ કર્યા છતાં શુળીનું સિંહાસન અને શસ્ત્રનાં આભૂષણ થઇ ગયાં; તેથી તેઓની લોકને વિષે વિશેષે પ્રશંસા થઇ. તે શિયળનું પ્રગટ ફળ જાણવું. વસ્તુગતે તો નિજ સ્વભાવમાં આનંદ અને પર સ્વભાવમાં અરૂચિ થવાથી એવી બુદ્ધિ થાયછે, માટે સદા કાળ સ્વાભાવિક સુખની ગવેષણા થાય તો સ્ત્રીયાદિક ઉપર અભાવ થાય અને જે જે પુદ્ગલીક પદાર્થ છે તે પરસ્વભાવ છે એમ જાણે. કેમકે આત્મામાં સ્વદ્રવ્ય ક્ષેત્ર કાળ ને ભાવ અસ્તિપણે રહ્યા છે; પરદ્રવ્યક્ષેત્રકાળ અને ભાવ એ નાસ્તિરૂપે રહ્યા છે. તેથી પરવસ્તુનું અસ્તિપણું ચિત્તમાંથી નષ્ટ થાય છે, એટલે પર પદાર્થ ઉપર રાગનો અંશ પણ ચિત્તમાં રહેતો નથી. જ્યાં જ્યાં ફરે, હરે, બેસે યા સુએ ત્યાં ત્યાં તે પોતાના ગુણ પર્યાય વિચાર્યા કરે, એટલે કોઈ પણ વખતે પરભાવ રૂચે નહિ, તો પછી સ્ત્રીને તો રાગદૃષ્ટિએ જુએજ કેમ? અર્થાત્ જોવી રૂચેજ નહીં. વસ્તુ ને વસ્તુનો સ્વભાવજ જુએ, સદાકાળ વસ્તુ વિચારમાં વર્તે. આત્મતત્ત્વ પ્રગટ કરવાના અભિલાષીનું ચિત્ત આવી ભાવના ભાવવાથી કોઈ પણ વખતે ચલાયમાન થશે નહિ, અને આત્મપરિણતિ સુધરશે. મનુષ્યજન્મ પામ્યાનો સાર એજ છે.

**અનુપચંદ મલુકચંદ**

ભરૂચ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# जैन कॉलेज अने बॉर्डिंग.

સાતમી કોન્ફરન્સના ઠરાવના ખરડામાં જૈનકૉલેજ સ્થાપન કરવાની સૂચના કરવામાં આવી હતી. સબ્જેક્ટ કમીટીએ તે પેટા વિભાગ પડતો મૂક્યો હતો. પરંતુ આ સવાલ બહુ અગત્યનો હોવાથી તેની તરફેણમાં અને વિરૂદ્ધમાં જે જે વિચારો કરવા યોગ્ય છે તે પર વિચાર કરીએ. આ વિષય પરત્વે જે નિર્ણય આવે તે પર પુષ્કળ ચર્ચા કરવાનો ઉદ્દેશ છે અને વિદ્વાનો સંપૂર્ણ રીતે આ અગત્યના વિષયને સર્વ દિશાએથી ચર્ચશે એવી આશા રાખવામાં આવે છે.

જૈનકૉલેજ સ્થાપન કરવાનો મુખ્ય હેતુ શો હોવો જોઇએ તે હજુ સમજી શકાતું નથી, પણ તેની તરફેણમાં વિચાર બતાવનારાઓ મુખ્યત્વે કરીને બનારસની સેન્ટ્રલ હિંદુ કૉલેજ અને અલીગઢની મેહોમેદન કૉલેજ જેવી એક જૈન સેન્ટ્રલ કૉલેજ સ્થાપન કરવાનો ઇરાદો રાખે છે. આ બન્ને કોલેજોનો હેતુ અને પરિણામ તદ્દન જુદા છે. સેન્ટ્રલ હિંદુ કૉલેજનો ઉદ્દેશ ધાર્મિક લાગણીની ગેરહાજરીમાં પાશ્ચિમાત્ય ઉપરઉપરના સુધારાથી ફસાઈ જઇ ધર્મવિમુખ થઇ જતા હિંદુઓને તેઓની પૂર્વ કાળની સમૃદ્ધિ અને તેનો ધર્મસાથે સંબંધ બતાવી ધાર્મિક જીવન અને વ્યવહારિક જીવન એક બીજા સાથે ઓતપ્રોત કરી સર્વ હિંદુઓને એકત્ર કરવાનો છે. નવીન કેળવણીના પ્રબંધમાં આધ્યાત્મિક જીવનને તદ્દન વિસારી મુકવામાં આવ્યું હતું, અને તેમાં એક એવું કારણ આપવામાં આવતું હતું કે હિંદુસ્તાનમાં ભિન્ન ભિન્ન ધર્મોને લીધે શાળાઓમાં ધાર્મિક શિક્ષણ આપવું અશકય છે. એક ધર્મના અનુયાયીઓની એકત્ર સંસ્થાની ગોઠવણથી આ દલીલનો પ્રત્યુત્તર આપી શકાય તેમ હતું; અને તેની સાથેજ આગેવાનોના મનમાં એમ પણ હતું કે હિંદુસ્તાનને પશ્ચિમની સાથે સરખામણીમાં આધુનિક સમયમાં જો કાંઈ પણ લાભ હોય તો તે તેની ધાર્મિક વ્યવસ્થામાંજ છે. આ હકીકતનું સત્ય નિરૂપણ કરવાનું સાધન ઉંચી કેળવણી સાથે ધાર્મિક અભ્યાસ જોડી દેવો તેજ હતું, અને તે ઉદ્દેશ પાર પાડવા અનેક પ્રકારના ભોગો આપી તે કૉલેજ સ્થાપન કરવામાં આવી હતી. અલીગઢકૉલેજના સ્થાપકનો ઉદ્દેશ ધાર્મિક કરતાં રાજદ્વારી વધારે હતો અને તેથી તે સંસ્થા રાજદ્વારી વિષયનું હાલ કેન્દ્ર થઇ પડી છે એ સુપ્રસિદ્ધ હકીકત છે. આ બન્ને સંસ્થાના હેતુઓ જૈન કોમ પાર પાડી શકે તેમ છે કે નહિ? તે પાર પાડવાનાં અન્ય સાધનો છે કે નહિ? અને હોય તો તે સાધનો સિદ્ધ કરવા માટે કેવા પ્રયાસની અને કેટલા પૈસાની જરૂર છે? તે વિચાર કરવા યોગ્ય છે.

હાલમાં થોડા સમય પહેલાં પારસી કૉલેજ સ્થાપન કરવાનો સવાલ બહુ વિગતથી છાપાઓમાં ચર્ચવામાં આવ્યો હતો, અને તેથી ઘણા વિદ્વાન માણસોના અભિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાય જાણુવાનો પ્રસંગ મળ્યો હતો. સર્વથી મહત્વનો સવાલ એ છે કે એક સારી કૉલેજ કરવા માટે ફંડ કેટલા રૂપિયાનું હોવું જોઇએ? યુનિવર્સિટિ કોઇ પણ કૉલેજને સ્વીકારે તે પહેલાં તેનું દશ લાખનું ફંડ હોવું જોઇએ, એવો નિયમ કરવામાં આવ્યો છે. દશ લાખનું વ્યાજ પાંત્રીશ હજાર આવે તેમાં સારી કૉલેજ ચાલી શકે નહિ. કારણ એક સારા પ્રીન્સીપાલનેજ એક હજાર ઉપર માસિકવેતન આપવું જોઈએ. પારસીઓએ બધી ગણતરી ગણીને નિશ્ચય કર્યો હતો કે સારી કૉલેજ કરવા માટે ચાલીશ લાખનું ફંડ જોઇએ. આથી આપણે હાલ એવા નિશ્ચય પર આવીએ કે જૈન કૉલેજ માટે દશ લાખથી ચાળીશ લાખ સુધીનું ફંડ એકત્ર કરવું જોઇએ.

જે કૉલેજ કરવાની દરખાસ્ત લાવવામાં આવે છે તે શ્વેતાંબરોનીજ કરવી કે સર્વ જૈનોની કરવી? એ પણ મુખ્ય સવાલ છે. સ્થિતિ પરિપક્વ નહિ થએલી હોવાના કારણે કે બીજા કેટલાક ખાસ સંયોગોને લીધે હાલ સર્વ જૈનોને એકત્ર થવાનો સવાલ થોડા વરસ તો ખોરંભે પડી રહેશે એમ લાગે છે. પુનાની સબ્જેકટસ કમીટી વખતે શ્રીયુત્ ઢઢ્ઢા સાહેબને દીલગીરી સાથે કરવા પડેલા ખુલાસાઓ અને તે વખતે એક બે આગેવાનોએ કરેલા સવાલ જવાબો આ સંબંધમાં પુષ્ટિ આપે છે. એ સવાલ બહુ અગત્યનો છે, પણ આ વિષયને અંગે અપ્રસ્તુત છે. મુખ્ય સાર એ છે કે જૈન કૉલેજનો વિચાર કરવામાં આવે તો તે શ્વેતાંબર જૈનોને માટેજ હાલ તો વિચાર કરવામાં આવશે અને તે પણ બહુધા મૂર્તિપૂજક શ્વેતાંબરો માટેજ કરવામાં આવશે એવું આપણા ભાઇઓનું વલણ જણાય છે. આને અંગે પ્રથમ પૈસાની પ્રાપ્તિનું ક્ષેત્ર અને વિદ્યાર્થીઓની સંખ્યાના સવાલો ઉત્પન્ન થાય છે.

પ્રસંગે એક હકીકત સ્પષ્ટ કરી નાખવી ઠીક છે. જે કૉલેજનો સવાલ પ્રસ્તુત છે તે માત્ર આર્ટની કોલેજનોજ છે. આ કોલેજમાં કાંઇ હુન્નર ઉદ્યોગની કેળવણી આપવાનો સવાલ નથી, પણ માત્ર હાલ મેટ્રીકયુલેશનની પરીક્ષા પસાર કર્યા પછી બી. એ. ની પરીક્ષા સુધી અભ્યાસ કરાવવામાં આવે છે તેજ શૈલીએ-તેજ પદ્ધતિએ અભ્યાસ કરાવવો અને માત્ર વીલ્સન કૉલેજની માફક તેમાં ધાર્મિક શિક્ષણ ફરજીઆત રાખવું.

શ્વેતાંબર જૈનોમાં સરાસરી દશ ગ્રેજ્યુએટો એક વર્ષમાં નીકળે છે. આથી વધારે મોટી સંખ્યામાં ગ્રેજ્યુએટો કોઇ વર્ષમાં નીકળ્યા હોય એમ જાણવામાં નથી; જોકે ઓછી સંખ્યામાં નીકળ્યા હોય એમ ઘણીવાર બન્યું છે. અત્યાર સુધીની ગ્રેજ્યુએટ (ખરા અર્થમાં) ની સંખ્યા પણ ૧૧૦ થી ૧૨૫ વચ્ચેની થાય છે, જે ઉપરની બાબતનો પૂરાવો આપે છે. આ સંખ્યામાં વધારો થતો જશે એ સત્ય છે, પણ બહુ મોટો ફેરફાર એકદમ થઇ જવાનું કોઈ કારણ નથી. વળી વધારો થતો જશે તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન કોલેજ સાથે કાંઈ સંબંધ રહેશે નહિ, પણ કેળવણીને લગતા કોન્ફરન્સ તરફથી તથા આખા દેશના વિદ્વાનો તરફથી બહાર પડતા વિચારોના અનુકરણનેજ આભારી રહેશે.

હવે પ્રથમ મહત્વનો સવાલ એ છે કે આવી નાની સંખ્યા માટે વાર્ષિક ખરચ કેટલો રાખવો? સારી લેબોરેટરી સાથે પુરતો સ્ટાફ રાખી જો ઉપયોગી સંસ્થા કરવી હોય તો તેની પાછળ ઓછામાં ઓછો પંચોતેર હજારનો વાર્ષિક ખરચ તો રાખવોજ જોઈએ, જેને માટે રૂપિયા વીશ લાખ લગભગનું ફંડ જોઈએ. પ્રથમ સવાલ એ છે કે આટલા પૈસા કયાં છે? જૈનોની ઉદારતા કહેવાય છે; પણ કેળવણી ખાતું કોન્ફરન્સને લગભગ બંધ કરવું પડ્યું છે અને તે માત્ર ફંડને અભાવે, એ સુપ્રસિદ્ધ હકીકત છે. અત્યાર સુધીમાં લોકોના વિચારો કેળવણીના સંબંધમાં સારી રીતે સુધર્યા છે, તેઓને અનેક આકારમાં ફેરવી ફેરવીને કહેવામાં આવ્યું છે છતાં આપણે એક પંચાયત ફંડ ઉભું કરી શકયા નથી. વળી ઉછાણી, ઘી, મહોત્સવો, ઉજમણા, જમણવાર અને તે પ્રત્યેક અનેક પ્રસંગે એટલા રૂઢ થઇ ગયા છે કે કહેવાતી ઉદારતાનો પ્રવાહ હાલ તો હજુ એ માર્ગ પર વધારે વહેશે એમ લાગે છે. એ ઉપરાંત ઘણાં ખાતાંઓને મદદ કરવાની અથવા તેઓની કોથળીઓ ભરવાની હોવાથી નિરાશ્રિત કે કેળવણી ખાતાને આપણે મોટી મદદ આપી શકીએ તેમ જણાતું નથી. આર્થિક સ્થિતિનો એકત્ર જોરથી લાભ મળતો નથી અને પૈસાઓ અહીં તહીં વહેંચાઇ જાય છે અને કેટલાક ખોરંબે પડે છે. આવી સ્થિતિમાં મોટા ફંડની આશા રાખવી તે તદ્દન નિષ્ફળતાના પરિણામવાળી છે.

બીજી દલીલ એમ કરવામાં આવેછે કે 'આપણે કોન્ફરન્સ તરફથી જે ઠરાવો પસાર કરીએ છીએ તે સૂચનાના આકારમાંજ છે. સૂચના કદાચ હાલ અમલમાં ન આવી શકે તેમ હોય તોપણ એકવાર આપણે ઠરાવ કરી ગયા હોઈએ તો આપણું લક્ષ તે પર રહે અને પ્રસંગ મળતાં તેને અમલમાં મૂકીએ.' આ સંબંધમાં બે પ્રકારના વિચાર કરવાના છે. એક તો કોન્ફરન્સે એવાજ ઠરાવ કરવા જોઇએ કે જે વ્યવહારૂ ( practicable ) હોય, તેણે ખ્યાલી ( Visionary ) યોજનાઓ હાથમાં લીધી તો તેની વ્યાવહારિક કાર્યદક્ષતાપર શંકા આવવાની એ સ્પષ્ટ બાબત છે. બીજું ગમે તેટલા પ્રયાસથી કદાચ જોઈતું ફંડ કરવામાં આવે તોપણ એ યોજના અતિ ખરચાલ છે, અને તેટલોજ લાભ અન્ય રીતે બહુ સારા આકારમાં મેળવી શકાય તેમ છે.

એક એલ્ફીન્સ્ટન જેવી કોલેજ સ્થાપન કરી તેમાં મોટા પગારના પ્રોફેસરો યુરોપથી બોલાવવામાં આવે, સાયન્સના ઓજારોની પ્રયોગશાળા કરવામાં આવે અને બીજી સર્વ યોગ્ય વ્યવસ્થા કરી એલ્ફીન્સ્ટન કોલેજ જેવું બંધારણ કરવામાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવે ( જે સર્વ થવું હાલ તો તદ્દન ખ્યાલીજ છે, પણ ભવિષ્યને માટે પણ બીન-ઉપયોગી, ખરચાળ વ.ને બીજાઓથી જુદા પાડનાર એકદેશીય છે, એમ બતાવવાનો અત્ર ઉદ્દેશ છે ) તોપણ તેથી ખાસ લાભ શો ? ધારો કે આવી કોલેજની બાજુમાં એક બોર્ડીંગ હોય, બોર્ડીંગમાં દરેક અભ્યાસીને ઉત્તમ ખોરાક તદ્દન મફત આપવામાં આવતો હોય, સ્થિતિ અનુસાર તેને ફી અને પુસ્તકો પણ અપાવાતાં હોય તો દરેક વિદ્યાર્થી પાછળ વધારેમાં વધારે ૨૦૦ રૂપિયાનો વાર્ષિક ખરચ આવવા સંભવ છે. આવી બૉર્ડીંગમાં ઘણા મજબૂત વિચારનો, દૃઢ નિયંત્રણવાળો અને વિશુદ્ધ ગુણ અને વર્તનવાળો સુપ્રીન્ટેન્ડેન્ટ રાખવો અને તેને માસિક વેતન રૂપિઆ દોઢસો લગભગ આપવું. એ ઉપરાંત બૉર્ડીંગની અન્ય વ્યવસ્થા પાછળ પચાસનો માસિક ખરચ રાખવો. મોટા પાયા ઉપર ઇંગ્લીશ, સંસ્કૃત, નીતિ અને ધર્મનાં સઘળાં પુસ્તકો મળે એવી લાઇબ્રેરી રાખવી, જેના ખરચ માટે રૂપિઆ દશ હજાર શરૂઆતમાં અને પછી માસિક પોણોસો લગભગ થવા જાય. એ બૉર્ડીંગમાં દેરાસર પણ સાથેજ રાખવું. દરેક બૉર્ડરે હમેશાં એક કલાક ધાર્મિક અભ્યાસ રીતસર ફરજીઆત કરવોજ જોઇએ અને તેની ત્રિમાસિક પરીક્ષામાં બે વખત ઉપરા ઉપરી નાપાસ થનારને બૉર્ડર તરીકે બંધ કરવાનો પ્રબંધ રાખવો. આવી રીતે એક મધ્ય બિંદુમાં બૉર્ડીંગ કરવામાં આવે તો તેના વાર્ષિક દશ હજારના ખરચમાં સુપ્રીન્ટેન્ડેન્ટ, લાઇબ્રેરી વિગેરે ખરચ સાથે પાંત્રીશ વિદ્યાર્થીઓનો એક સાથે સમાસ થાય અને તેથી વધારે સંખ્યામાં વિદ્યાર્થીઓ મળી શકે તો ઉપરની સંખ્યા માટે સરેરાશ ઓછો ખરચ આવે. આવી સંસ્થામાં ધાર્મિક લાગણી જાગૃત કરવાની તીવ્ર ઇચ્છા બહુ સારી રીતે અમલમાં આવી શકે. ભાઇચારો તો હમેશાં બૉર્ડીંગમાંજ વધી શકે છે. કૉલેજમાં અભ્યાસ કરી ઘરે ચાલી જનારાઓ ચાર વર્ષ સુધી સાથે રહે તોપણ એક બીજાને ઓળખતા નથી એવું ઘણીવાર બને છે. પણ સાથે જમનારને અને એક ધર્મના ઝુંડા નીચે વસનારને જે પ્રેમવૃત્તિ અને ભાવ થાય છે તે આપણે ધર્મશાળાના ટુંક વસવાટના અનુભવથી પણ જોઇ શકીએ છીએ.

ટુંકામાં કહીએ તો કૉલેજ કરવાથી જે લાભો મેળવવાની આશા રાખવામાં આવે છે તે સર્વ બૉર્ડીંગથી મળી શકે તેમ છે. તે ઉપરાંત કૉલેજ એકજ સ્થાનકે રહે તેથી મુંબઇની કૉલેજનો લાભ બહુ દૂરના માણસો જલદી લઇ શકે નહિ, ત્યારે બૉર્ડીંગની યોજના ચાર પાંચ મધ્ય બિંદુઓમાં પણ અમલમાં મૂકી શકાય. વળી બૉર્ડીંગની યોજના નાના ફંડથી શરૂ કરી શકાય અને ફંડ વધતું જાય તેમ વિદ્યાર્થીઓની સગવડ અને સંખ્યામાં તેમજ લાઇબ્રેરી અને બીજી જરૂરીઆતમાં વખતો વખત વધારો કરી શકાય; જ્યારે જૈન કોલેજ તો મોટી રકમનું ફંડ થાય ત્યારેજ શરૂ કરી શકાય.આટલો પ્રયાસ કર્યા છતાં પણ એલ્ફીન્સ્ટન કોલેજ કે ડેકન કોલેજની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સાથે હરીફાઈ કરી શકે એવી કોલેજ આપણે શરૂ કરી શકવાના નથી. બંધારણની ગેરહાજરી, વ્યવહારૂ કાર્યપદ્ધતિનો અભાવ અને ઇર્ષાથી આપણી ઘણી સંસ્થાઓ જોઈએ તેવું ફળ બતાવી શકી નથી. તેથી જૈન કોલેજ જેવી ગંભીર સંસ્થાને પ્રયોગની કક્ષામાં મૂકી હાસ્યાસ્પદ સ્થિતિ પ્રાપ્ત કરાવવી અનુચિત છે.

એક વિદ્વાન્ મિત્રે એવી સૂચના કરી હતી કે ' ફરગ્યુસન કોલેજના જેવું આત્મભોગ (સ્વાર્પણ) કરનારૂં મંડળ આપણે શામાટે ઉત્પન્ન ન કરી શકીએ? ' પરંતુ પ્રથમ તો આપણો કેળવાયલો વર્ગ તદ્દન નાનો છે, બહુજ નાનો છે એ સ્પષ્ટ છે. બીજું ઉપરના પ્રશ્નમાં જે છે તેને જે હોવું જોઈએ તેની સાથે ભેળવી નાંખવામાં આવે છે. ત્રીજું આપણી કોમ વ્યાપારી છે, ગણતરી કરવાના સ્વભાવવાળી છે, તેમાંથી એકદમ મોટો સ્વાર્પણ કરનાર અને મી. ગોખલે કે પરાંજપે જેવા મહાપુરૂષો પોણોસો કે સો રૂપિયાના માસિક પગારથી કામ કરનારા મળવા એ શક્ય લાગતું નથી અને ચોથું કદાચ આવા માણસો ભવિષ્યમાં નીકળે તો તેની ગણતરી ઉપર હાલ આપણે કોલેજ કાઢી શકીએ નહિ અથવા ફંડની રકમ આવી ખયાલી કલ્પના પર આધાર રાખી ટુંકી હદમાં રાખી શકીએ નહિ. વળી આવા સ્વાર્પણ કરનારાઓને માટે અન્ય કાર્યક્ષેત્ર નથી એમ તો નથીજ. જો તેને સાહિત્યનો શોખ હોય તો તેનો ઉદ્ધાર કરવા માટે એક નહિ પણ પચીસ પચાસ માણસના જીવન પર્યંતના અખંડ પ્રયાસની જરૂર છે. તેને કેળવણીનોજ શોખ હોય તો તે ઓનરરી સુપ્રીન્ટેન્ડેન્ટ તરીકે બોર્ડીંગમાં પોતાના સ્વાર્પણ, સ્વાશ્રય અને ચારિત્રના અત્યુત્તમ દૃષ્ટાંતની છાપ બોર્ડરોનાં મનપર પાડી શકે. આ સિવાય કેળવણીને અંગે તેમજ બીજા ખાતાંઓને અંગે સ્વાર્પણ કરનારને ઘણું વિશાળ ક્ષેત્ર છે.

વીલ્સન કોલેજ જેવી કોલેજોમાં ફરજીઆત ધાર્મિક શિક્ષણ આપવામાં આવે છે અને ત્યાં આપણા બંધુઓ જાય છે. તેઓના પરિચય તથા અનુભવ ઉપરથી કહી શકાય છે કે કોલેજમાં ધાર્મિક શિક્ષણ આપવામાં આવે તેથી કાંઇ જીવ જેવો લાભ થતો નથી. બનારસ સેન્ટ્રલ હિંદુ કોલેજની ફતેહનું કારણ કોલેજ નથી પણ બોર્ડીંગ છે. મેં તે બોર્ડીંગ જોઇ છે,તથા તેના ખાસ અનુભવી પ્રો.ઉનવાળા સાથે બહુ વિસ્તારથી તે સંબંધમાં વાત પણ કરી છે. તેઓના કહેવા પ્રમાણે તે બોર્ડીંગના સુપ્રીન્ટેન્ડેન્ટ બહુ મજબૂત વિચારના, વિશુદ્ધ વર્તનના, છોકરાઓ પર ભય સાથે પ્રીતિ રાખનારા અને આકર્ષક સ્વભાવના છે. પ્રો. ઉનવાળા પોતે પણ ત્યાંજ રહે છે અને વિદ્યાર્થીઓ સાથે પિતાપુત્રના સંબંધથી વર્તે છે. તેઓ કહેતા હતા કે એકલા જ કોલેજમાં આવનાર વિદ્યાર્થીઓ ધાર્મિક લાગણી કે વિશુદ્ધ વર્તન બતાવી શકયા નથી, પણ બોર્ડરો બહુ અગત્યનો ભાગ બજાવે છે અને વ્યવહારમાં પરયા પછી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેઓ હિંદુ તરીકે નામ કાઢશે એવી સંપૂર્ણ આશા છે. આ દલીલમાં રહેલી હકી કતનું મનન કરવા ખાસ આગ્રહ છે.

જૈન કોલેજ કરવાની વિરૂદ્ધ વિચાર બતાવનારા જે સર્વથી અગત્યની દલી કહે છે તે પર શાંત મગજે વિચાર કરવાની જરૂર છે. તેઓનું કહેવું એ છે કે આ પણી સંસ્થાઓ અને ઉદારતા હાલમાં એકદેશીય (Sectarian) થતાં જાય છે આપણે સર્વ હિંદુઓથી જુદા પડી રાજદ્વારી તેમજ વ્યવહારિક બાબતમાં ખાસ હ અને અલગ સંસ્થાઓ માગીએ છીએ. એક કોમ તરીકે જૈનોને આથી ખા લાભ થશે કે હિંદુઓની મોટી કોમ સાથે વૈમનસ્ય ઉત્પન્ન થશે એ બહુ મહત્વને પ્રશ્ન છે. જ્યાં લાભો જુદા હોય, તીર્થરક્ષા કે પુસ્તકોદ્ધાર કરવાના હોય અથવા તે એવી બીજી કોઇ પણ ખાસ જૈન ધર્મ કે વ્યવહારને લગતી ખાસ હકીકત આવત હોય ત્યાં તો ગમે તેટલા ભોગે આપણે આપણા હકો જાળવવા જોઈએ એ નિર્વિવા છે; પણ નાની મોટી દરેક બાબતમાં હિંદુઓથી છુટાજ પડવું એવો વિચાર કોમને લાભ કરતાં વિશેષ હાનિ પહોંચાડનારો છે એમ મને લાગે છે. આખા આર્યાવર્તના શ્રેય સાથે જૈનોનું શ્રેય જોડાયલું છે. હું પોતે તો સરકારની મહેરબાનીથી એક જૈન કોંસીલમાં બેસી ભાષણ કરે તેના કરતાં પોતાની શક્તિથી એક નોનઓફીશીયલ મેંબર તરીકે આવી તેજ બતાવે અને પોતાના દેશને અંગે ઉત્પન્ન થતાં કાર્યો સાથે જૈનોનાં ખાસ કાર્યો સંબંધી પ્રશ્નો પુછે તે વધારે પસંદ કરનારો છું. આ ઘણું મહત્વની રાજદ્વારી અગત્ય ધરાવનારી બાબતમાં મતભેદ હોવા સંભવ છે. અગત્ય નો સવાલ વિચારવાનો એ છે કે કોન્ફરન્સ જેવી નવીન કાળની સંસ્થાઓનો મુખ્ય આશય શું છે? તેઓનો શુદ્ધ આશય સ્વાશ્રયી બની પોતાના વહિવટમાં વ્યકિત ત- ત્વનું સામ્રાજ્ય વિકસ્વર કરવાનો હોવો જોઈએ. દેશના લાભો પાસે નાની નાની સમષ્ટિ ભાવનાનો લય થઈ જાય, અને 'હું હિંદુસ્તાનવાસી છું' એ ભાવના પ્રગટ થાય અને તેજ સ્વરૂપમાં નિરંતર બની રહે એ મુખ્ય ઉદ્દેશ ભુલવાનો નથી. મુસલમાનોના મનમાં એક જાતનો ઉચ્ચ મનોભાવ જાગૃત કરાવી તેઓને હિંદુથી જુદા પાડવાની રાજનીતિ ભલે થોડો વખત વિજય પામે, પણ વિચારશીલ આગે- વાનો તકરાર ગંભીર સ્વરૂપ લઇ અંતર વધી જાય તે ભયથી કાંઈ બોલતા નથી, પણ તે હકીકતને પસંદ કરતા નથી અને કેળવણીનો વિશેષ પ્રચાર થતાં મુસલમાન બંધુઓ પણ તાત્કાલિક લાભ તરફ દોરાઇ જવાની પોતાની ઉતાવળ માટે ભવિષ્યમાં દીલગીર થશે. જૈન કોન્ફરન્સના દરેક ઠરાવમાં આ મુખ્ય વાત ભૂલવી જોઇતી નથી. કાઉન્સીલમાં જગ્યા મેળવવાનો નવા સુધારાને અંગે શ્રી ભાવનગરની કોન્ફરન્સે જે ઠરાવ કર્યો હતો તે બહુ વિચારવા લાયક છે. તે સ્પષ્ટ કહે છે કે કોમ કોમ વચ્ચે અંતર પાડવાની રાજનીતિને કોન્ફરન્સ પસંદ કરતી નથી, પણ સરકારનો વિચાર

For Private And Personal Use Only

તે રીતિને માર્ગ આપવાનો હોય તો જૈન કોમના લાભ વિસરવામાં નહીં આવે એવી કોન્ફરન્સ આશા રાખે છે. આ ઠરાવમાં જે આંતર તત્ત્વ રહેલું છે તેનો બહુ દીર્ઘ દ્રષ્ટિથી ખ્યાલ કરવો જોઇએ. અમુક મોટા મોટા શબ્દો **જૈન કૉલેજથી** ફસાઇ ન જવું. તે કરવાની શક્તિ, સંયોગ, સહાનુભુતિ, આવશ્યકતા અને બીજી અનેક આજુબાજુની હકીકતો પર વિચાર કરવો.

આ સવાલ ઘણોજ મુશ્કેલ છે. તેમાં વિદ્વાનોના અભિપ્રાયો દરેક દિશાથી આવે ને ચર્ચાય ત્યારેજ કાંઇક નિર્ણય થઇ શકે તેમ છે. આશા છે કે આ સવાલમાં રસ લેવા ઇચ્છનારાઓ તેને વિસ્તારથી ચર્ચશે. હાલ તો જૈન કોલેજનો સવાલ માત્ર ખ્યાલીજ છે. પરંતુ ભવિષ્યમાં એ યોજના ઉપાડવી કે નહિ એ મુખ્ય મુદ્દાપર ચર્ચા ચાલશે તો ઠીક થશે. લખનારનો અમુક વિચાર તરફ આગ્રહ નથી, સબળ દલીલ સાંભળતાં પોતાના વિચારો ફેરવવામાં કોઇ જાતનો વાંધો નથી. અત્યાર સુધી મેળવેલા અનુભવ અને વાતચીત પરથી જૈન કોલેજની આવશ્યકતા જણાઇ નથી. મોટા કે નાના પાયા ઉપર બોર્ડીંગો સ્થાપન કરવાથી વિશુદ્ધ ધાર્મિક લાગણીવાળી મોટી સંખ્યા ઉત્પન્ન કરી શકાય તેમ છે, તેમજ તેવી સંસ્થાઓ ઓછે ખરચે ચાર પાંચ જગો પર સ્થાપન કરી શકાય તેમ છે, તેમજ તેવાં સ્થાનોમાં ડીબેટીંગ સોસાયટી વિગેરે મંડળો સ્થાપવાથી અને તેમાં કેળવણીને વધારવા ઇચ્છનાર બંધુઓની સહાનુભુતિથી રાજદ્વારી વિષયોમાં પણ જ્ઞાન અને મહત્વાકાંક્ષા વધી શકે તેમ છે; અને તેથી અલ્પ ખરચે અને અલ્પ પ્રયાસે બહુ થોડા સમયમાં જૈન કોલેજ કરવાનો આશય પાર પડશે એવું લાગે છે.

જૈન કોલેજ જેવા ગંભીર સવાલનો નિર્ણય કરવા પહેલાં અન્ય કોમોના આગેવાનોના એ સંબંધમાં શા વિચાર છે એ જાણવા ખાસ જરૂરના થઇ પડશે. આ પ્રસંગપર આ વિષય લખનારને હાલમાંજ પ્રો. ઉનવાળા સાથે વાતચીત થતાં તેઓ બહુ મજબૂત દલીલો જેમાંની કેટલીક તો ઉપર લખાઈ ગઇ છે તે પર જૈન કોલેજ સ્થાપવાની વિરૂદ્ધ વિચાર બતાવતા હતા. જૈન કોમને કેળવણીની બાબતમાં આગળ વધતી જોવાની તેઓની પ્રબળ ઇચ્છા અત્યાર સુધી અનેક પ્રસંગે બહાર પડી ચૂકી છે. આ ઉપરાંત બીજા બે ત્રણ રાજદ્વારી માણસો પણ સાથે ચર્ચા થઇ હતી, જેઓ સર્વ એકી અવાજે કોલેજના સવાલને વખોડી નાખેછે, જ્યારે બોર્ડીંગની બાબતમાં સર્વનો એક અવાજે અનુકૂળ અભિપ્રાય છે. આ વિષયપર કેળવણી ખાતાના માણસો પોતાના વિચારો સંપૂર્ણ રીતે ચર્ચશે તો કાર્યરેખા અંકિત કરવામાં બહુ સરળતા થઇ પડશે.

મોતીચંદ ગિરધર કાપડીઆ.
સોલીસીટર હાઇકોર્ટ, મુંબઇ.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सुकृत भंडार.

જૈન કોન્ફરન્સ તરફથી અનેક કાર્યો ચલાવવાની સગવડ થવાને માટે આ સુકૃત ભંડારની યોજના પુના ખાતે ભરાયેલી સાતમી કોન્ફરન્સ વખતે પસાર કરવામાં આવેલી છે; અને તેનો અમલ પણ મુંબઇ, સુરત વિગેરે અનેક શહેરો તથા ગામોમાં થયો છે, થાય છે અને થવાનો સંભવ છે.

આ યોજના ખાસ કરીને પુના ખાતેજ ઉદ્‌ભવ પામી છે એમ નથી, પરંતુ મુંબઈ ખાતે ભરાયેલી બીજી જૈન કોન્ફરન્સ વખતે બાબુ સાહેબ બદ્રીદાસજી બહાદુર તરફથી ઘણા આગ્રહ સાથે એ યોજના અમલમાં મૂકવાને દરખાસ્ત કરવામાં આવી હતી. તે યોજના તે વખતે કેટલાએક વિચારભેદના કારણથી તરતમાં અમલમાં મુકવાનો ઠરાવ કરવામાં આવ્યો નહોતો, પરંતુ તે સૂચનાને અંગે ઉદેપુર અને પંજાબના કેટલાએક શહેરો વિગેરેમાં એ યોજનાનો અમલ થવો શરૂ થયો હતો અને તેની રકમ દરવર્ષે આવ્યા કરે છે.

આ યોજના એટલી બધી ઉપયોગી છે કે જો તેને ચારે બાજુથી સહાય કરવામાં આવે તો તેને અંગે ઉત્પન્ન થતા દ્રવ્યમાંથી આપણે ઘણાં કામો કરી શકીએ. હાલમાં અડધી ઉપજ તો ખાસ કેળવણીના વિષયમાંજ આપવા ઠરાવ્યું છે, કારણકે તેમ ન કરવામાં આવે તો એ ખાતું પડી ભાંગવાની સ્થિતિમાં હતું. કોન્ફરન્સ દર વર્ષે મળો કે ન મળો પરંતુ એ મંડળ એટલું બધું ઉપયોગી છે કે તે દ્વારા આપણે ઘણાં કામો સહેલાઇએ કરી શકીએ તેમ છીએ. જો એ વાત સિદ્ધ છે તો એના વાર્ષિક નિભાવ માટે યોગ્ય રકમની જરૂર છે, અને દર વખત એને માટે ફંડ કરવું ને થવું બંને મુશ્કેલીવાળું છે. એટલે આવી ઉપજ કાયમને માટે થઇ હોય તો તે મુશ્કેલી પણ દૂર થઇ શકે તેમ છે. આ ઉપરાંત બીજા પણ અનેક પ્રસંગો આપણી કોમને અંગે–તીર્થાદિના રક્ષણ વિગેરે પ્રસંગે અકસ્માત આવી પડે છે કે તે દરેક વખત ફંડ થઇ શકતું નથી. તેથી જો આવી દેખીતી નજીવી પણ એકંદર સારી રકમની આવક શરૂ હોય તો તેવા પ્રસંગોએ આપણી તાત્કાળિક મુંઝવણ દૂર થઇ શકે તેમ છે.

કોન્ફરન્સની અંદર સર્વ ભાઈઓનો અવાજ સાંભળવામાં આવે છે, જેથી કોઇએ તેના સંબંધમાં મારા તારાપણું ગણવાનું નથી. વળી તેનો હિસાબ ચોખ્ખો રાખવામાં આવે છે અને દરવર્ષે છપાવીને પ્રગટ કરવામાં આવે છે. સબબ આવી શ્રેષ્ઠ પરિણામવાળી યોજનાને અમલમાં મુકવાને દરેક જૈન બંધુએ સહાય આપવાની ખાસ આવશ્યકતા છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અનેક ગામ અને શહેરોના જૈન બંધુઓ અમદાવાદ અને ભાવનગર વિગેરે શહેરોના સંઘ શું કરે છે તે જોયા કરે છે. એવા બે ચાર શહેરોમાં અસ્ખલિતપણે જો આ યોજનાનો અમલ થશે તો એ યોજનાનો ધીમે ધીમે સર્વત્ર અમલ થઇ શકશે. માટે તે તે શહેરોના આગેવાનોના હૃદયમાં કર્ત્તવ્યબુદ્ધિ જાગૃત થાઓ કે જેથી આવી સર્વના હિતની યોજના વહેલાસર પ્રસાર પામે. तथास्तु.

## जयपुर भारतवर्षीय जैनशिक्षा प्रचारक समितिना त्रीजा वार्षिक रीपोर्टनी समालोचना.

આ સમિતિએ શ્વેતાંબર દિગંબરનો ભેદ રાખ્યા શિવાય જૈન વિદ્યાર્થીઓ અને જૈન કન્યાઓને અભ્યાસ કરાવવાના સંબંધમાં ઘણો પ્રશંસાપાત્ર પ્રબંધ કરેલો છે. તેનો રીપોર્ટ આદ્યંત લક્ષપૂર્વક વાંચવા યોગ્ય છે. તેની અંદર પરીક્ષાના નિયમો તથા પ્રશ્નપત્રો વિગેરે સવિસ્તર આપેલા છે, તે અનુકરણ યોગ્ય છે. કેળવાયેલ ગૃહસ્થોના પ્રયત્નનું એ ફળ છે. તેને હજુસુધી પૂરતી સહાયતા મળી શકી નથી. પરંતુ તેમના વિચારો વાંચતાં સારી મદદ મળવાથી બહુ શ્રેષ્ઠ કામ કરવાની ઇંતેજારી ધરાવે છે. મોટી ઉમરની સ્ત્રીયોના અભ્યાસ માટે પણ કાંઇ ગોઠવણ કરવા ધારે છે. તેમના કાર્યની તરફ જૈન શિવાય અન્ય ગૃહસ્થો પણ પ્રસન્ન દ્રષ્ટિથી જુએ છે; અને તેથી તેમના તરફથી પણ સહાયતા મળેલી જોવામાં આવે છે. આ સંબંધમાં ખાસ બે સૂચના કરવાની આવશ્યકતા જણાય છે.

૧ જૈન કન્યાઓ અને સ્ત્રીઓને અભ્યાસ કરાવવા માટે સ્ત્રીશિક્ષકોનીજ બનતાં સુધી ગોઠવણ રાખવી.

૨ શ્વેતાંબર સંબંધી ધાર્મિક અભ્યાસમાં કાંઇક વૃદ્ધિ કરવી.

વાર્ષિક બજેટ ત્રણ હજાર રૂપીઆ લગભગનું પસાર કરવામાં આવેલ છે. કોઇ પણ ગૃહસ્થની મોટી રકમની સહાયતા શિવાય એક વખતની, માસિક અને વાર્ષિક સહાયતાથી તેમજ સભાસદોની આવકમાંથી ખર્ચ ચલાવવામાં આવે છે. હિસાબી ગોઠવણ પણ સારી છે. જૈન બંધુઓએ સહાય આપવા લાયક છે.

આ રીપોર્ટની પહોંચ આપવામાં વધારે વખત જવાથી ઉપરાઉપર પત્રો આવ્યા છે, તે કાર્યકર્તાઓની ખંત બતાવી આપે છે.

અમે એ સમિતિનો અંતઃકરણથી ઉત્કર્ષ ઇચ્છીએ છીએ; અને તેના કાર્ય કર્તાઓના ઉત્સાહમાં વૃદ્ધિ થાય અને નવાં નવાં કામો આ સમિતિદ્વારાજ કરવાને શક્તિમાન થાય એમ પરમાત્મા પાસે પ્રાર્થના કરીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## ભાઇશ્રી ત્રિભુવનદાસ ભાણજીનું ખેદકારક મૃત્યુ.

ભાવનગરનિવાસી આ ગૃહસ્થે માત્ર ૮-૧૦ દિવસના જ્વરના ઉપદ્રવમાં શ્રાવણ શુદિ ૨ બુધવારની રાત્રિએ નવ કલાકે આ મનુષ્ય સંબંધી અનિત્ય દેહનો ત્યાગ કર્યો છે. એમના અકાળ અને આકસ્મિક મૃત્યુથી તેના કુટુંબનેજ નહીં પરંતુ તેના મિત્રવર્ગને, આ સભાને, ભાવનગરના શ્રી સંઘને, મુંબઇના શ્રાવકસમુદાયને અને જૈન કોમને પણ એક હિંમતબહાદુર, નિડર, ઉત્સાહી, ઉદાર અને બુદ્ધિમાન્ માણસની ખામી આવી પડી છે. જૈન વર્ગે એક હીરો ગુમાવ્યો છે.

એમણે પોતાની બાળવયમાં ગરીબી સ્થિતિનો અનુભવ કરેલો હોવાથી ગરીબી સ્થિતિ ભોગવતા જૈન બંધુઓ ઉપર તેમના હૃદયમાં અત્યંત અનુકંપા હતી ; અને તેટલાજ ઉપરથી તેઓ દરેક પ્રકારે નિરાશ્રિત જૈન બંધુઓને મદદ કરવા તેમજ કરાવવા તત્પર રહેતા હતા ઉપરાંત સિદ્ધક્ષેત્ર બાળાશ્રમ ખાતે એમની એટલી બધી લાગણી અને પ્રયાસ હતો કે તેને અત્યારે જે ઉચ્ચ સ્થિતિમાં લાવેલછે તેના ખાસ નિમિત્તભૂત એજ ગૃહસ્થ હતા.હજુ પણ આ કરતાં વિશેષ સારી સ્થિતિમાં એ ઉછરતા ખાતાને મુકવા માટે એઓ અહર્નિશ તત્પરતેમજ યત્નશીલ હતા.આ ખાતું સર્વ જૈન બંધુઓને ખાસ લક્ષ આપવા લાયક તેમજ સહાય આપવા લાયક છે. પરંતુ એ સંબંધી બીજે પ્રસંગે કહીશું.

મુંબઈમાં વ્યાપારાર્થે આવતા કાઠીયાવાડી જૈન બંધુઓને આશ્રયસ્થાનને અભાવે જે મુશ્કેલી પડતી હતી તે મુશ્કેલી દૂર કરવા માટે એમણે એક યોજના ઘડી કાઢીને ગીરગામ ઉપર એવું આશ્રયસ્થાન પોતાનાજ ખર્ચથી ખોલ્યું છે, અને તેની અંદર આવીને રહેનારા જૈન બંધુઓને બીજી રીતે પણ આશ્રય આપે છે.

જોકે કેળવણી તેમણે બહુ ઓછી લીધી હતી,પરંતુ પૂર્વ સંસ્કારના બળથી એમની કેળવણી સંબંધી અભિરૂચિ ઘણીજ પ્રશંસાપાત્ર હતી.ભાવનગર ખાતે ગુજરાતી બાળવર્ગથી આરંભીને મેટ્રીક કલાસ સુધી અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓ પૈકી જે લેવા આવે તેને બુકો સંબંધી સહાય કરવામાં ઉત્સુક હતા, તે ઉપરાંત ફી વગેરેની જરૂરીઆતો પણ પુરી પાડતા હતા.

સ્ત્રીકેળવણીની ઉપર તો એમને ખાસ પ્રીતિ હતી. ભાવનગરમાં ઉજમબાઇ જૈન કન્યાશાળાની અંદર એઓ જુદે જુદે પ્રકારે બહુ સારી મદદ કરતા હતા. પરંતુ એટલાથી સંતોષ નહીં થવાને લીધે ભાવનગર ખાતે ભરાયેલી છઠ્ઠી જૈન કોન્ફરન્સમાં જાહેર કર્યા અનુસાર એક ખાસ જૈનકન્યાશાળાનું ગયા પોસ વદિ ૯ થી એમણે સ્થાપન કર્યું છે. તેની અંદર વ્યવહારિક, નૈતિક, ઔદ્યોગિક તેમજ ધાર્મિક દરેક પ્રકારની કેળવણી આપવામાં આવે છે. માત્ર છ સાત મહીના જેટલી ટુંક મુદતમાં એ શાળાને એવી સારી સ્થિતિમાં મુકી દીધેલ છે કે જેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

માટે તેની પરીક્ષા લેવા પધારેલા દરબારી અધિકારીએ પણ બહુ ઉંચો મત આપેલો છે. આ ખાતાને નામદાર દરબારશ્રી તરફથી પણ કું ગ્રાંટ મળેલી છે.

જૈન કોન્ફરન્સના એઓ ખાસ હિમાયતી હતા. તેને માટે અહર્નિશ ચિંતા ધરાવતા હતા. મુંબઇની કોન્ફરન્સ વખતે એમણે ફંડવૃદ્ધિ માટે ખાસ પ્રયાસ લીધો હતો, કે જેને પરિણામે તમામ ખર્ચ કાઢતાં પણ હજુ દશ હજાર જેટલી રકમ સીલકમાં રહેલી છે. ભાવનગર ખાતે જૈનકોન્ફરન્સ ભરવામાં આવી અને તે ફતેહમંદ થઇ તે ખાસ એમની હિંમતનું અને ઉદાર વૃતિનું જ પરિણામ છે. કોન્ફરન્સને આવા સહાયકની ખાસ આવશ્યકતા હતી; તે છતાં કાળની વિષમતાથી તેનો વિરહ પડ્યો છે.

એઓ તત્વજ્ઞાન સંબંધી વાંચનના ખાસ શોખીન હતા, આત્માની શુભ વૃત્તિઓ જાગૃત રાખવા એઓ નિરંતર ગુણાવળીનું ચિંતવન કરતા હતા. પાપસ્થાનકોનો નિરોધ કરવા માટે એઓ દરરોજ તેનું પત્રક પુરતા હતા, અને કેટલીએક ઉપયોગી નોંધ કરવા માટે એઓ ડાયરી લખી રાખતા હતા. એમની ડાયરી ખાસ ધ્યાન આપવા લાયકછે. તે પ્રસંગોપાત છપાઇને બહાર પડવાથી ઘણી ઉપકારક થઇ પડવા સંભવ છે.

આર્થિક સંપત્તિ એમણે ટુંકા વખતમાં સારી મેળવી છે. વ્યાપારાદિ પ્રસંગમાં સત્ય ને પ્રમાણિકપણા માટે એઓ ખાસ આગ્રહ ધરાવનારા હતા. કોઇ [illegible] કામમાં આગેવાન થવાને તત્પર હતા. ટુંકા વખતમાં એમણે બહુ સારી નામના કાઢી હતી; અને જો દશ પાંચ વર્ષનું પણ વધારે આયુષ્ય હોત તો બહુ [illegible] નામના કાઢવાની આગાહી બતાવતા હતા, પરંતુ કાળક્રમ પાસે મનુષ્ય નિરૂપાય છે. ધારેલી ધારણા કવચિતજ પાર પડે છે. જે કરી લેવામાં આવે છે તેજ [illegible] છે: આ બનાવે આપણને એ વાતનો પુરેપુરો ધડો આપ્યો છે.

એ પુરૂષનું જન્મચરિત્ર ખાસ લખવા લાયક એટલા માટે છે કે તે [illegible] જૈન બંધુઓને અનુકરણ કરવા લાયક છે. એને માટે કેટલેક [illegible] આ નોંધ વધારે લંબાવવામાં આવી નથી.

એઓ [illegible] લાઇફ મેમ્બર હતા, એટલુંજ નહીં પણ દરેક કા[illegible] સહાયક હતા. એમના અભાવ થવાથી સભાને ન પુરી શકાય [illegible] પરંતુ [illegible] છે; તેની પાસે પ્રાણી [illegible] સદ્ગુણોના [illegible]

[illegible]

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# લવાજમની પહોંચ.

( સંવત ૧૯૬૪ ના શ્રાવણ સુદિ ૧ થી સંવત ૧૯૬૫ ના
પહેલા શ્રાવણ વદ ૧૨ સુધી. )

૦—૪—૦ શા. ભાણજી આણંદજી.
૦—૬—૦ શા. ગલાલ જેઠાજી
૦—૮—૦ શા. રવચંદ ગુલાબચંદ
૧—૪—૦ શેઠ દેવચંદ કરસનજી
૧—૬—૦ શા. રાજમલજી મગનમલજી
૦—૮—૦ શા. સવચંદ લક્ષ્મીચંદ
૧—૦—૦ શા. વર્ધમાન ડોસજી
૧—૦—૦ શા. રતનચંદ ખીમચંદ.
૧—૪—૦ શા. હીરાજી જીવાજી
૧—૪—૦ શા. ચુનીલાલ ફુલચંદ
૦—૪—૦ શા. પોપટલાલ છગનલાલ
૦—૪—૦ શા. નરશી તેજશી
૧—૪—૦ શા. ઠાકરશી રઘુ
૦—૮—૦ શા. મગનદાસ લક્ષ્મીચંદ
૦-૧૦-૦ શા. કાલીદાસ હરખચંદ
૧—૪—૦ શા. ડોસજીભાઇ નગીનદાસ
૨-૧૨-૦ શા. રતનજી જીવણદાસ
૧—૪—૦ શા. ત્રિભોવનદાસ રાઘવજી
૦—૬—૦ પારી. પાનાચંદ દુલભદાસ.
૧—૪—૦ શા. લલ્લુચંદ હરીચંદ
૧—૪—૦ શા. અમરચંદ ઝવેરચંદ
૦—૬—૦ શા. [illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]

૦—૮—૦ શા. ડોસાભાઇ ઉગરચંદ
૦—૬—૦ શા. ઉગરચંદ દેવચંદ
૦-૧૦-૦ શા. દલછારામ છગનલાલ
૨—૮—૦ શા. મગનલાલ સલુકચંદ
૦—૪—૦ શા. કેશવજી કાલીદાસ
૦—૪—૦ શા. અમુલખ માણેકચંદ
૨—૮—૦ શા. ચુનીલાલ પ્રેમચંદ
૧—૪—૦ શા. ચુનીલાલ દલસુખરામ
૦-૧૦-૦ શા. વછરાજ રૂપચંદ
૦—૪—૦ શા. સરૂપચંદ કેવળચંદ.
૦—૪—૦ શા. મીઠાચંદ પાનાચંદ
૦—૬—૦ શા. ઇશ્વરલાલ દલસુખરામ.
૦-૧૨-૦ શા. કરમચંદ ત્રીકમજી.
૧—૪—૦ ગાંધી જમનાદાસ હરિવલભદાસ.
૦—૬—૦ શા. નાગરદાસ ભાઇચંદ
૧—૪—૦ ડોકટર મણિલાલ રમનલાલ
૨—૦—૦ શા. પરભુદાસ દીપચંદ
૧—૦—૦ શા. રા. મુળજીભાઇ કપુરચંદ
૧—૦—૦ શા. નારણજી ભાણાભાઇ
૧—૦—૦ શ્રી ઉમેદચંદજી સ્થાનકવાસી લાઇબ્રેરી
૩-૧૨-૦ શા. [illegible]
૧—૪—૦ શા. [illegible]
૧—૪—૦ શા. [illegible]
૧—૪—૦ [illegible]
૧—૦—૦ શા. [illegible]
[illegible]
[illegible]
૧—૪—૦ શા. [illegible]
૧—૪—૦ શા. [illegible]
૧—૪—૦ શા. દીપચંદ કસ્તુરચંદ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## લવાજમની પહોંચ.

| | | |
|---|---|---|
| શા. મોતીલાલ ત્રીભોવન | ૧-૪-૦ | શા. અમોપચંદ હઠીસંગ |
| શા. રૂપચંદ દેવરાજ. | ૧-૪-૦ | શા. લલુભાઇ બેચરદાસ |
| શા. હેમચંદ ચુનીલાલ | ૧-૪-૦ | મોદી. હેમચંદ નાનજી |
| શા. માણેકચંદ પરમાણંદ | ૧-૪-૦ | શા. અમર ચત્રભુજ |
| શા. રાયચંદ હંસરાજ | ૧-૪-૦ | શા. આશાભાઇ ચતુર |
| શા. રમણલાલ | ૧-૪-૦ | દોશી ચતુર નથુ |
| શા. માણેકચંદ ડુંગરશી | ૧-૪-૦ | શા. જીવણલાલ હરગોવન |
| શેઠ. ઉમાભાઇ હઠીસંગ | ૨-૦-૦ | સોની ઉમેદ સોમચંદ |
| શા. હરખચંદ ધારસી | ૧-૪-૦ | શા. ડાયાભાઇ લલુભાઇ |
| શા. હેમરાજ ફુલચંદ | ૨-૮-૦ | ગાંધી માણજી તેજપાળ |
| શા. દાનજી સુંદરજી | ૧-૪-૦ | શા. શીરચંદ નાનચંદ |
| શા. હરિભાઇ અમીચંદ | ૨-૮-૦ | શેઠ કાલીદાસ ઉમાભાઇ. |
| શેઠ હિમતમલજી પ્રતાપમલજી | ૩-૧૨-૦ | પારેખ દીપચંદજી. |
| શા. હઠીસંગ ડાયાભાઇ | ૧-૪-૦ | શા. વીરપાળ દેધર |
| પન્યાસ હેતવિજયજી હસ્તુ | ૧-૪-૦ | ગાંધી મોહન મગન. |
| દોશી નેણશી સુરજી | ૧-૪-૦ | શા. તલકચંદ કાલીદાસ. |
| શા. માણેકચંદ પાનાચંદ. | ૧-૪-૦ | શા. ડાયાચંદ સુરજમલ. |
| શ્રી સુરત જૈન વિદ્યોત્તેજક સભા. | ૧-૪-૦ | માઉ લક્ષ્મીચંદ સુંદરજી |
| શા. લક્ષ્મીચંદ દેવસી. | ૧-૪-૦ | મહેતા ખાવા માવજી. |
| શેઠ બેચર નથુ. | ૨-૮-૦ | દોશી લલુભાઇ જગજીવન. |
| ગાંધી મુળજી ભુદર. | ૨-૮-૦ | શા. લલુભાઇ મોતીચંદ. |
| શા. ઝવેરચંદ કાલીદાસ | ૩-૧૨-૦ | મોદી માણેકલાલ ગિરધરલાલ |
| શા. મગુભાઇ જેઠાભાઇ. | ૧-૪-૦ | શા. છગનલાલ હલસુખરામ. |
| શા. કનૈયાલાલજી મેઘરાજજી. | ૨-૦-૦ | શા. ગિરધરલાલ હેમચંદ |
| શા. હીરાલાલ પાનાચંદ. | ૧-૪-૦ | શા. લલુભાઇ વીરચંદ. |
| મહેતા જસરાજ પોપટભાઇ | ૨-૮-૦ | સલોત ગિરધર માવજી |
| શેઠ સાકરચંદ લલુભાઇ. | ૨-૨-૦ | શા. વીરપાળ જીવા. |
| શા. મોહનલાલ તારાચંદ. | ૨-૨-૦ | શા. પોપટલાલ તારાચંદ. |
| મહેતા ખાવા માવજી. | ૧-૪-૦ | સંઘવી માણેકચંદ પાનાચંદ. |
| ઝવેરી જયચંદ દયાચંદ. | ૨-૮-૦ | શા. ત્રિભોવન જેતસી. |
| વકીલ છોટુભાઇ ગુલાબચંદ. | ૧-૪-૦ | શા. ફુલચંદ ઝવેરચંદ. |
| શા. પ્રેમચંદ હલસુખ. | ૧-૪-૦ | શા. જીવણલાલ હરગોવન. |
| શા. જેચંદ બેચર. | ૨-૮-૦ | શા. નાગરદાસ ખેંગાર. |
| શા. ગુલાબચંદ નેમચંદ. | ૧-૪-૦ | શા. નાથાભાઇ લવજી. |
| શા. પ્રેમચંદ જેચંદ. | ૧-૪-૦ | શા. લલુભાઇ ધનજી. |

For Private And Personal Use Only